ચોથી આવૃત્તિ

છાપી ૩૦૦૦

બહોળો ફેલાવો પામેલી,
અને વિદ્યાર્થિને વધારે ઉપયોગી—

ભરતખંડની ભૂગોળ વિદ્યા.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી.
લીંબડી–કાઠિયાવાડ.

"અગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ પ્રેસ". અમદાવાદ.

કિંમત અઢી આના.

કાઠિયાવાડની ભૂગોળ વિદ્યા.

અમારા તરફથી પ્રગટ થઈ છે. ચાર મહિનાની ટુંક મુદતમાં એની બે હજાર પ્રત ખલાસ થઈ એજ આપને બતાવી આપશે કે એ અતિશે ઉપયોગી નીવડી છે. કિંમત દર નકલના બે આના. પણ સામટી રાખનારને એક રૂપિયાની સોળ પ્રત. પોસ્ટેજ મફત.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી–લીંબડી.

મુંબાઈ ઈલાકાની ભૂગોળ વિદ્યા.

ગુજરાતના ઈતિહાસ સાથે.

અમારા તરફથી પ્રગટ થયેલ છે, એ આપના જાણુવામાં હશેજ. એની થોડાજ વર્ષમાં **આઠમી આવૃતિ** નીકળી છે. તેથી આપોઆપ સાબિત થશે કે વિદ્યાર્થિ મંડળને તે પસંદ પડતી થઈ પડી છે. આ આઠમી આવૃત્તિમાં વધારો કરીને તેમાં ગુજરાતનો ચાવડા–સોલંકી અને વાઘેલા વંશનો ઈતિહાસ પૂરેપૂરો સમાવ્યો છે, તેમજ તેને લગતા પ્રશ્નો દાખલ કીધા છે, તેથી "**એક પંથ દો કાજ**" સરખું થયું છે, દર નકલના સવા બે આના, પણ એક રૂપિયાની રાખો તો અગિયાર પ્રત, પોસ્ટેજ મફત. બે રૂપિયા કરતાં વધારે રાખો તો દર પ્રતના સવા આના મુજબ. પોસ્ટેજ મફત.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી–લીંબડી.

॥ श्रीः ॥

પુરૂષોત્તમ કૃત.

ભરતખંડની ભૂગોળ-

વિદ્યા.

આપણી પૃથ્વી ગોળ દડા જેવી છે. પૃથ્વી ઉપર મુખ્ય જમીન અને પાણી છે આખી પૃથ્વીના ત્રણ સરખા ભાગ કરીએ તો તેમાંના બે ભાગ પાણી અને એક ભાગ જમીન છે.

જમીનના મોટા ભાગ.

આપણી પૃથ્વીના બે ગોળાર્ધ છે. ૧ પૂર્વગોળાર્ધ (જૂની ભૂમી), અને ૨ પશ્ચિમ ગોળાર્ધ (નવીભૂમિ), એ બંને ગોળાર્ધમાં જે જમીન આવેલી છે, તેના ચાર મોટા ખંડ પાડેલા છે. તેનાં નામ ૧ **એશિઆ**, ૨ **યુરોપ**, ૩ **આફ્રિકા**, એ ત્રણે જૂની ભૂમિમાં છે; અને ૪ **અમેરિકા** એ નવી ભૂમિમાં છે; એ ચાર વિના એક પાંચમો મોટો ભાગ **આસ્ટ્રેલિયા** કરીને એક બેટ, એશિયાની અગ્નિ ખૂણમાં છે તે બેટ, તથા તેની આસપાસના બીજા ઘણા દ્વિપો મળીને ઓશિઆન્યા કહેવાય છે. (એને પાંચમો ખંડ કહીએ તો ચાલે.)

પાણીના મોટા ભાગ.

જમીનની પેઠે પાણીના મોટા ભાગ પણ પાંચ છે. તે દરેકને મહાસાગર કહે છે તેનાં નામ. ૧ પાસિફિક, ૨ આટલાંટિક, ૩ હિંદી ૪ ઉત્તર, ને ૫ મો દક્ષિણ મહાસાગર છે.

એશિયા ખંડ.

જમીનના જે પાંચ મોટા ખંડ ઉપર કહ્યા, તેમાંનો સૌથી મોટો ને જૂનો ખંડ એશિયા છે. એ ખંડમાં આપણે વસીએ છીએ. તેના બાર દેશ છે.

૧ ભરતખંડ કે હિંદ.	૫ અરબસ્તાન.	૯ હિંદી ચીન.
૨ અફ્ગાનિસ્તાન.	૬ તુર્કસ્તાન.	૧૦ જાપાન.
૩ બલૂચિસ્તાન.	૭ તાતાર.	૧૧ એશિયાઈ રૂશિયા.
૪ ઈરાન.	૮ ચીનાઈ રાજ્ય.	૧૨ સિંહલદ્વીપ કે લંકા.

એમાંના પહેલા દેશમાં આપણે વસીએ છીએ.

भरतखंडनुं सामान्य वर्णन.

આપણો મુંબાઈ ઈલાકો, તે આ ભરતખંડનો એક ભાગ છે.

ભરતખંડનાં બીજાં નામો—હિંદુસ્તાન, હિંદ, હિંદીદ્વિપકલ્પ, આર્યાવર્ત્ત, ભારતભૂમિ, ભારતવર્ષ, અને ઈંડિયા.

સીમા—ભરતખંડ એ મોટો ત્રિકોણાકાર દ્વિપકલ્પ છે. એની ઉત્તરે હિંદુકુશ, કારાકોરમ, હિમાલય પર્વત તથા ટિબેટ ને તાતાર દેશો છે; પશ્ચિમે સુલેમાન અને હાલાપહાડ, તથા અફ્ગાનિસ્તાન અને બલૂચિસ્તાન છે: નૈરૂત્યકોણમાં અરબીસમુદ્ર; દક્ષિણે હિંદી મહાસાગર, અને અગ્નિખૂણમાં હિંદી મહાસાગર તથા બંગાળાનો ઉપસાગર; અને પૂર્વમાં સિયામ અને ચીન આવેલો છે.

વિસ્તાર—કાશ્મિરથી કન્યાકુમારી ભૂશિર સુધી લંબાઈ મૈલ ૧૯૦૦ ને સિંધથી આસામ સુધી પહોળાઈ ૧૮૦૦ મૈલ છે, આખા દેશનું ક્ષેત્રફળ ૧૮૮૫૦૦૦ ચોરસ મૈલ છે.

વસ્તી—આખી દુનિયામાં વસ્તીમાં પહેલે નંબરે ચીન, અને બીજે નંબરે ભરતખંડ છે. બ્રહ્મદેશ સુદ્ધાં તેમાં સાડીપચીસ કરોડ માણસો વસે છે.

મોટા કુદરતી ભાગ—ભરતખંડના મોટા સ્વાભાવિક ભાગ બે છે. ૧ હિંદુસ્થાન (ઉત્તર હિંદુસ્થાન) અને ૨ દક્ષિણ કે દખણ (દક્ષિણ હિંદુસ્થાન છે. એ બે ભાગોની વચ્ચે વિંધ્યાચળ પર્વત, ને નર્મદા નદીછે.

ઉત્તર હિંદુસ્તાનના મોટા કુદરતી ભાગ—૭ છે. ૧ હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ, ૨ સિંધુ નદીનો પ્રદેશ, ૩ રેતીનું રણ, ૪ મધ્ય હિંદુસ્થાનનો અને રજપૂતસ્થાનનો ઊંચો પ્રદેશ, ૫ ગંગાનો પ્રદેશ, ને ૬ બ્રહ્મપુત્રાનો પ્રદેશ.

દક્ષિણના મોટા કુદરતીભાગ—ચાર છે. ૧ નર્મદાનો પ્રદેશ, ૨ શુદ્ધ દક્ષિણ, ૩ પૂર્વકાંઠાનો નીચાણનો પ્રદેશ,ને ૪ પશ્ચિમકાંઠાનો નીચાણનો પ્રદેશ.

મુખ્ય પર્વતો—૧ હિમાલય એ દુનીયામાં સૌથી ઊંચો છે. ૨ શિવાલિક, ૩ સાતપૂડો, ૪ વિંધ્યાચળ, ૫ સંહ્યાદ્રિ (પશ્ચિમઘાટ) ૬ પૂર્વઘાટ, ૭ હાલા, ૮ સુલેમાન, ૯ કારાકોરમ, ૧૦ અરવલી, ૧૧ કૈમૂરના ડુંગર, ૧૨ આબુ, ૧૩ ગિરનાર, ૧૪ મીઠાના ડુંગર, ૧૫ મહાદેવના ડુંગર અને નીલગીરી.

હિમાલયનાં શિખરો—એવરેસ્ટ (ગૌરીશંકર) એ સૌથી ઊંચુ (૨૯૦૦૨ ફીટ) છે. ધવલગિરિ, કાંચનગંગા, ચામલારી, જમ્નોત્રી, ગંગોત્રી અને કૈલાસ વગેરે.

મુખ્ય નદીઓ—૧ બ્રહ્મપુત્રા ૨ સિંધુ, એ બે નદ કહેવાય છે. ૩ ગંગા, ૪ ગોદાવરી, ૫ કૃષ્ણા, ૬ કાવેરી, ૭ મહા, ૮ ઈરાવતી; એ આઠે નદીઓનાં મૂખ આગળ ત્રિકોણ પ્રદેશ થાય છે. એ વિના જમના, નર્મદા, તાપી, ગોગરા, ચંબલ, બેટવા સતલજ, ચીનાબ, સોન, ભાગિરથી. પ્રાણહિતા, તુંગભદ્રા, સપતી, પનાર, ભીમા, સરસ્વતિ, સાબરમતિ, બનાસ, લુણી, ઝેલમ, રાવી, બીઆસ, ગોમતી, ગંડકી, કૌશકી, હુગલી, ક્ષિપ્રા, માંજરા, પેનગંગા, વાઈનગંગા, સુવર્ણરેખા, અને વૈતરણી વગેરે ઘણીજ છે.

પવિત્ર નદીઓ—૧ બ્રહ્મપુત્રા, ૨ સિંધુ, ૩ ગંગા, ૪ ગોદાવરી, ૫ કૃષ્ણા, ૬ જમના, ૭ નર્મદા, ૮ સરયુ, (ઘોગરા), ભાગિરથી, ગોમતી, તાપી અને સરસ્વતી વગેરે.

સરોવર—બુલર, સાંબર, ચિલકા, કોલર, પુલિકાટ, લુનાર, મચર, એ ખારાં છે. એ વિના ઢેબર તે મીઠું છે.

ભૂશિર—દ્વારકા (જગત્ પોઈંટ), દીવ, રામસ, કન્યાકુમારી, પાલમયરા, ને નેગ્રાઈસ, માંજ (કરાંચી આગળ) પોઈંટદીગાલ, પોઈંટપેદ્રો, અને પોઈંટ કાલીમેર.

અખાત—કચ્છનું, ખંભાતનું, મનારનું, બાલાસોરનું, માર્ટાબાનનું, ને પોઈંટ પાલમૈરા; તથા બંગાળાનો ઉપસાગર.

દ્વિપો—લંકા (સિંહલદ્વિપ.) એ બેટ ઈંગ્રેજ સરકારને તાબે છે. પણ તે ભરતખંડના, વાઈસરૉયને તાબે નથી. મહારાણી તરફથી જુદો ગવરનર ત્યાં રહે છે. લંકાના મધ્યભાગમાં દેશી રાજા રાજ કરે છે. તેની રાજધાની કાંદી છે એ રાજા ઈંગ્રેજની આજ્ઞામાંછે. કોલંબો-પોઈંટદીગાલ, ત્રિંકોમાલી, ને પોઈંટપેદ્રો, એ મુખ્ય બંદરો તે ઈંગ્રેજ સરકારને તાબે છે. **નદીઓ** મહાવીલીગંગા, કાવાનીગંગા ને કાલુગંગા વગેરે. ત્યાં બૌધ ધર્મ ચાલે છે. પેદાશમાં તેજાના, હાથીદાંત, મોતી વગેરે છે. ૨ **આંદામન બેટ** છે એનું મુખ્ય શેહેર પોર્તબ્લેર કરીને બંદર છે, ત્યાં હાલ ગુન્હેગારને કાળે પાણીએ મોકલે છે. એ વિના **નિકોબાર, લક્ષદીવ, માલદીવ, મનાર, રામેશ્વર, રામરી, ચેદુબા, સંડોવે, શાહાપુરી, સાષ્ટી, વસઈ, ધારાપુરી, કરંજે, મરગ્વીબેટનું ટોળું**, વગેરે બેટો છે. તે બધા ઈંગ્રેજ સરકારને તાબે છે, ને લંકા સિવાયના બધા બેટો ઉપર ગવર્નર જનરલનું ઉપરીપણું છે, તે સિવાય દીવ, પીરમનો કાતરો, ને સખોદવા.

દ્વિપકલ્પ—કાઠિયાવાડ ને દક્ષિણ હિંદુસ્તાન. ભરતખંડ દેશજ મોટો ત્રિકોણાકાર દ્વિપકલ્પ છે.

સામુદ્રધુની—પાકની છે. તે હિંદુસ્તાન ને લંકાની વચ્ચે છે. મનારની સામુદ્રધુની અને પૈમ્બેન ખાડી.

સારી હવાનાં સ્થળો—સિમલા, મરી, (જલ્લમનજીક) દાર્જીલીંગ, આબુ, માથેરાન, નીલગીરિ, મહાબળેશ્વર, ડીંડીગલ, કાશ્મિર, પુરંદર, ખંડાળા, ઉતકમંડ, ટુંગાર અને હજારીબાગ વગેરે.

ભરતખંડના રાજ્ય વિભાગ—૧૫ છે. તે આગળ આવશે.

ઈંગ્રેજી ખાલસા મુલક—બ્રિટિશ હિન્દના બાર પ્રાંતો કરેલા છે. (૧) **મદ્રાસ ઈલાકો**, તેના પેટામાં કર્ણાટક, બાલાઘાટ, મલબાર, કાનડા, ને ઉત્તર સરકાર પ્રાંતો છે. [૨] **મુંબાઈ ઈલાકો**, તેના પેટામાં સિંધ, ગુજરાતના પાંચ જિલ્લા [અમદાવાદ, સુરત, ભરૂચ, ખેડા ને પંચમહાલ] મહારાષ્ટ્ર, દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા છે. [૩] **બંગાળા ઈલાકો** તેમાં બંગાળા, બહાર, ઓઢીઆ અને છોટા-નાગપુર એ પ્રાંતો છે. [૪] **આગ્રા ઈલાકો** અથવા વાયવ્ય પ્રાંતો; [૫] **પંજાબ ઈલાકો**, [૬] **અયોધ્યા** [આઉદ], [૭] **મધ્ય પ્રાંતો** [૮] **આસામ**, [૯] **વરાડ** [કમીશ્નરને તાબે;] [૧૦] **અજમેર** [કમીશ્નરને તાબે] [૧૧] **કુર્ગ** [કમીશ્નરને તાબે]અને [૧૨]મો **બ્રહ્મદેશ** આખો. તે સિવાય ઉપર વર્ણવેલા બેટો.

ઈંગ્રેજ તાબાના દેશી રાજ્યો—કાશ્મિર, સિક્કિમ, કુચબીહાર, મણીપુર, ખાસ્યા, ટિપરા, જયપુર, રેવા, બુંદેલખંડ, તહેરી, પન્ના, રામપુર, [મુસલમાની,] સિંધિયાનું [ગ્વાલિયરનું] હોલ્કરનું [માળવાનું], પત્તાલા, જીંદ, નભા, કપરથલા, ફરિદકોટ. કળશીયા [એ છએ શીખ લોકોનાં છે,] ભાવલપુર, ને ભોપાળ [મુસ.] જાંબુઆ, ઉદેપુર, જોધપુર, [વગેરે રજપૂતસ્થાનનાં રાજ્યો], ખૈરપુર [મુસ,] કાઠિઆવાડનાં રાજ્યો[ભાવનગર, જુનાગઢ, નવાનગર, ધ્રાંગધ્રા, ગોંડલ, મોરબી વગેરે] કચ્છ, પાલણપુર (મુસ,) રાંધણપુર (મુસ), મહીકાંઠા, રેવાકાંઠા, ગા-

ચકવાડ, પંચમહાલ એજન્સિ, સૂરત એજન્સિ, ખંભાત, કોલ્હાપુર, મરેઠા જાગીર, (સાંગલી, જમખંડી વગેરે) મહીસુર, નિઝામ (મુસ) ત્રાવણકોર, કોચીન, બુંદીકોટા. ઈત્યાદી. ૧૫૦ દેશીરાજ્ય છે.

સ્વતંત્ર દેશીરાજ્યો—નેપાળ અને ભુતાન.

ફ્રેંચનાં સંસ્થાન—પોંદિચરી, માહી, કારિકલ, યાનન ને ચંદ્રનગર

ફીરંગીનાં સંસ્થાન—દીવ, દમણ ને ગોવા.

હબશીનાં રાજ્ય—જંજીરા ને જાફરાબાદ, (તેમને માથે ખંડણી નથી)

ભરતખંડની રાજધાની—દિલ્હી ને આગ્રા એ મુસલમાની વખતમાં વારાફરતી રાજધાની હતી; હાલની રાજધાની કલકત્તા છે.

મોટાં શહેરો—મુંબાઈ, કલકત્તા, મદ્રાસ હૈદ્રાબાદ,(નીજામનું) લખનોર, બનારસ (કાશી), દિલ્હી, પટણા, આગ્રા, બેંગલોર, અમૃતસર, કાનપૂર, લાહોર, અલ્હાબાદ, જયપૂર, રંગુન, પુના, અમદાવાદ) બરેલી, સૂરત, ઢાકા (બંગાળામાં છે.), ને વડોદરા. એટલાં શહેરોની વસ્તી લાખ ઉપરાંત છે. એ વિના બીજાં ઘણાં છે જેની વસ્તી ૦॥ લાખ ઊપર થાય, એવાં કુલ નગરો ૬૧ છે.

મોટાં બંદરો—કરાંચી, શાહબંદર, લખપત, માંડવી, જોડીયા, પોરબંદર, વેરાવળ, મહુવા, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સૂરત, વલસાડ, દમણ, વસાઈ, મુંબાઈ, રાજાપુર, રત્નાગીરિ. વિજયદુર્ગ, કારવાડ, હોનાવર, મેંગલૂર, કાનાનોર, માહી, કાલિકટ, બેપુર, કોચિન, તુતુકુંડી, પોંડીચેરી, મદ્રાસ, મચ્છલીપટણ, વીસાગાપટણ, ગંજામ, જગન્નાથ, બાલાસોર, પોર્ટોનોવો, ટ્રાંકવીબાર, કારીકલ, કટક, ચીતાગોંગ, કલકત્તા, મતલાહ, વસાઈ, (બાસીન) રંગુન અને મુલમીન, વગેરે ઘણાંજ છે.

જાત્રાનાં સ્થળો—દ્વારકાં, પ્રભાસપાટણ, ગિરનાર, શેત્રુંજે, ચાણોદકન્યાળી, નાશીક (પંચવટી), પંઢરપૂર,રામનાથ જગન્નાથ ગયા. પ્રયાગ, કાશી, મથુરા, અયોધ્યા, બદ્રિનાથ,કેદારનાથ પુષ્કરજી વગેરે,

ખનીજ પેદાશ—લોઢું, તાંબુ, કોયલા, સુરોખાર, મીઠું, સોનું, રત્ન, હીરા, અને મોતી વગેરે.

બીજી પેદાશ—ચોખા, ધઉં, બાજરી, જુવાર, કપાસ, કઠોળ, રાગી, જવ, કંદમૂળ, શાક, વગેરે તથા સાગ. બાવળ,ચંપો આંબો,શેતૂર, તાડ, નાળીએરી, સોપારી, વાંસ, મરી, એળચી, ચા, કાફી,(બુંદ), તમાકુ, અફીણુ, ગુલાબ, શેરડી, ગળી, ભીંડી, રાઈ, રબર, વગેરે વગેરે.

ભાષા—ગુજરાતી, મરાઠી, બંગાળી. પંજાબી હિંદી, ઉર્દુ, સિંધી, કચ્છી, ઉર્ય, તામિલ, કાનડી, તૈલંગ, ફારસી, મલયાલયમ, ઈંગ્રેજી, મલબારી, દ્રાવીડી, અરબી, પોર્ટુગીઝ, ફ્રેંચ,વગેરે. કુલ ૧૩૨ બાષાઓ બોલાય છે.

ધર્મ—વેદ શીવ વૈષ્ણવ, રામાનુજ, જૈન, બૌદ્ધ, શીખ, લિંગાયત, મુસલમાની, ખ્રિસ્તી, જરથોસ્ત વગેરે બહુ છે.

આખા દેશમાં—સૌથી મોટો પર્વત **હિમાલય**,નદી **સિંધુ** ને બ્રહ્મપુત્રા, શહેર **મુંબાઇ**, ને કલકત્તા, અખાત **બંગાળાનો**, ઈલાકો **બંગાળા**, બેટ **લંકા**, દેશીરાજ્યો, **નિજામ**, કાશ્મીર,રજપૂતસ્થાન.

લશ્કરી છાવણીઓ—મુંબાઈ, પુના, માલેગામ, ડીસા, સાદરા; ખંભાત, નારકોટ, રાજકોટ, ભૂજ, હૈદરાબાદ, બેંગલોર, મદ્રાસ, કલકત્તા, જાલના, સિકંદરાબાદ, માંહુ, નસીરાબાદ, પ્રયાગ, કામ્પટી, લાહોર, ઈંદોર, નિમચ, નાગપૂર, અમદાવાદ, વડોદરા, બેહેરામપૂર, દીનાપૂર, પટણા, કાનપૂર, મીરત, દીલ્લી, શમલા, માહુ, ઈલીચપૂર, આરકાટ, કરાંચી, બરાકપુર, ગ્વાલીઅર અને બુરાનપૂર. વગેરે.

મોટી નદીઓની શાખાઓ, અને તે પરનાં શહેરો વગેરે.

૧ **બ્રહ્મપુત્રા**—એ ટિબેટનાં માનસરોવરમાંથી નીકળી આસામ ને બંગાળામાં વહી, બંગાળી ઉપસાગરને મળેછે તે ૧૮૦૦ મૈલ લાંબી છે તે ઉપર તેજપુર, ગૌહત્તી, નવાગામ, ધાકા, ગોવલપરા, દરંગ, રંગમતી, જમાલપુર, એ શહેરો છે. શુરમા વગેરે એની શાખાઓ છે.

૨ **સિંધુ**—એ હિમાલયના ટિબેટના ભાગમાંથી નીકળી કાશ્મિર, પંજાબ, ને સિંધમાં વહી, અરબી સમુદ્રને મળે છે. તે ૧૮૦૦ મૈલ લાંબી છે. કાબુલને સતલજ એ બે એની શાખાઓ છે. સિંધુ ઉપર લેહ, અટક, કાલાબાગ, ડેરાઈસ્માલખાન, ડેરાગાજીખાન મિટનકોટ, શિકારપૂર, સક્કર, બક્કર, રૌરી, સેવાન, હાલા, હૈદ્રાબાદ, ટટ્ટા, કરાંચી, મીઆણી ને કોટ્રી વગેરે શહેરો છે.

૩ **ગંગા**—એ હિમાલયના ગંગોત્રી શિખરમાંથી નીકળી, વાયવ્ય પ્રાંતો, બહારને બંગાળામાં વહી, બંગાળી ઉપસાગરને મળેછે. એ ૧૫૦૦ મૈલ લાંબી છે. જમના શોણ, ગંડકી, ગોગરા, રામગંગા, કૌશકી, ગોમતી, વગેરે એની શાખાઓ છે. ભાગિરથી ને હુગલી એ બે એના ફાંટા છે. રૂપનારાયણ, કુશૈ ને દામોદા એ હુગલીને મળે છે. ગંગા ઉપર બદ્રિનાથ, શ્રીનગર, હરિદ્વાર, મીરત, ફરૂકાબાદ, કનોજ, કાનપુર, ફતેપૂર, અલાહબાદ, મીરજાપુર, કાશી, ગાજીપુર, ચુનાર, બકસાર, દીનાપૂર, પટણા, મોંગીર; ભાગલપુર, રાજમહાલને મુર્શીદાબાદ એ શહેરો છે.

૪ **ઈરાવતી**—એ હિમાલય પર્વતમાંથી નીકળી, બંગાળાના ઉપસાગરને (માર્ટાબાનના અખાતને) મળે છે. તે ઉપર પ્રોમ, વસાઈ, ને રંગુન છે.

૫ **મહાનદી**—એ મધ્ય પ્રાંતોમાથી નીકળી મધ્ય પ્રાંતોને ઓઢીયામાં વહી બંગાળાના સમુદ્રને મળે છે, તે ઉપર સંબલપુર ને કટક છે.

૬ **ગોદાવરી**—એ નાશિક પાસે સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી, મહારાષ્ટ્ર, નિઝામ ને ઉત્તર સીરકારના પ્રાંતોમાં વહી બંગાળાના ઉપસાગરને મળેછે. પૂર્ણા, માંજરા, વર્ધા, વાઈનગંગા, પેનગંગા, ને પ્રાણહિતા એ એની શાખાઓ છે. નાશિક, પૈઠણ, નાંદેડ, નિર્મળ, રાજમહેંદ્રી ને યાનાન એ શહેરો તેનીપર આવેલાં છે.

૭ **કૃષ્ણાનદી**—એ સહ્યાંદ્રિ પર્વતમાંથી મહાબળેશ્વર પાસેથી નીકળી મહારાષ્ટ્ર, નિઝામ, ને ઉત્તર સિરકાર પ્રાંતોમાં વહી બંગાળાના ઉપસાગરને મળે છે. મલપ્રભા, ભીમા, તુંગભદ્રા, ઘટપ્રભા, વારણા, મુસી વગેરે એની શાખાઓ છે. નીરા ને સીના એ બે નદીઓ ભીમાને મળે છે. કૃષ્ણા ઉપર વાઈ, કન્હાડ, ને મછલીપટ્ટણ શહેરો છે.

૮ **કાવેરી**—એ સહ્યાંદ્રિ પર્વતમાંથી નીકળી મહીસૂર ને કર્ણાટકમાં વહી, બંગાળાના સમુદ્રને મળે છે. તે ઉપર શ્રીરંગપટ્ટણ, ત્રીચીનાપલી ને ત્રાંકવીબાર શહેરો છે.

ઉપલી આઠે નદીઓના મુખ પાસે ત્રિકોણ પ્રદેશ થાય છે.

૯ **જમના**—એ હિમાલયના જમ્નોત્રી શિખરમાંથી નીકળી, વાયવ્ય પ્રાંતોમાં વહી અલ્હાબાદ આગળ ગંગાને મળે છે. ચંબલ ને એટવા એ એની શાખાઓ છે. જમના ઉપર શાહરાનપુર, કર્નાલ, પાણિપત, દિલ્હી, મથુરા, આગ્રા, કાલ્પી, ઈટાવા, અલ્હાબાદ અને હમીરપુર વગેરે છે.

૧૦ **સતલજ**—એ રાવણ-હ્રદ સરોવરમાંથી નીકળી સિંધુને મળે છે, બીઆસ ને ચીનાબ, એ બે તેની શાખાઓ છે જેલમ ને રાવી એ ચિનાબની શાખાઓ છે. સતલજ ઉપર, સિમલા, લુધ્યાના, અલિવાલ, સોબ્રાઓન, ફીરોજપુર, ભાવલપુર, ને ઉચ એ શહેરો છે.

૧૧ ગોગરા—હિમાલયમાંથી નીકળી ગંગાને મળે છે. સરયુ એ તેનું બીજું નામ છે. રાપતી એની શાખા છે. અયોધ્યા શહેર ગોગરાને કાંઠે છે બીજું ફૈજાબાદ છે.

૧૨ બેટવા—એ માળવામાંથી નીકળી જમનાને મળે છે. તે ઉપર ભેલસા ને ઝાંસી શહેર છે.

૧૩ નર્મદા—એ સાતપૂડા પર્વતમાંથી અમરકંટકના મેદાન પાસે જબલપુર આગળથી નીકળી મધ્યપ્રાંતો, ભોપાળ, ને હોલ્કરના રાજ્યમાં તથા ગૂજરાતમાં વહી ખંભાતના અખાતને મળે છે. તે ઉપર જબલપુર, હુસંગાબાદ. નિમાડ, મંડળેશ્વર, ચાણોદકન્યાળી, નાંદોદ, ને ભરૂચ શહેરો છે.

૧૪ તાપી—એ સાતપૂડા પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંતો, ખાનદેશ, ને ગૂજરાતમાં વહી, ખંભાતના અખાતને મળે છે, તે ઉપર બુરહાનપુર, સુરત, ઈલીચપુર ને રાંદેર છે.

૧૫ મહી—માળવાના ડુંગરમાંથી નીકળી માળવાને ગૂજરાતમાં વહી ખંભાતના અખાતને મળે છે. તે ઉપર લુણાવાડા ને ખંભાત શહેર છે.

૧૬ સાબરમતી—રજપુતસ્થાનના ઢેબર સરોવરમાંથી નીકળી ગુજરાતમાં વહી ખંભાતના અખાતને મળે છે. તે ઉપર સાદરા ને અમદાવાદ શહેર છે.

૧૭ ભાદર—એ મદાવન ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળેછે; તે ઉપર જસદણ, જેતપુર, કુતીઆણા, ને નવીબંદર એ ગામો છે. ઉબેણ એ ભાદરની, ને ઓઝત એ ઉબેણની શાખા છે.

નદીઓનાં મૂળ.

હિમાલયમાંથી નીકળનારી નદીઓ—સિંધુ, ઝેલમ,

ચિનાબ, રાવી, બિઆસ, સતલજ, જમના, ગંગા, ઘોગરા, રા-
પતી, ગંડકી, કુશી, અને બ્રહ્મપુત્રા.

રજપૂતસ્થાનમાંથી—સાબરમતી અને લુણી.

મધ્યપ્રાંતોમાંથી—નર્મદા, તાપી, વાર્ડનગંગા, પેનગંગા, મહા.

બંગાળામાંથી—સુવર્ણરેખા, બ્રાહ્મણી, વૈતરણી, હુગલી, વગેરે.

સહ્યાદ્રીમાંથી—ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, મૂળામૂઠા, મલપ્રભા, ઘટપ્રભા, ને કાવેરી વગેરે.

માળવામાંથી—મહી, ચંબલ, બેટવા ને પાર્વતી.

નિઝામના રાજ્યમાંથી—દુધના, પૂર્ણા, માંજરા, અને મુસી

મહીસૂરમાંથી—પન્નાર, ને દક્ષિણ પન્નાર.

બુંદેલખંડમાંથી—સોણ.

નદીઓનાં મૂખ.

બંગાળાના ઉપસાગરને મળનારી નદીઓ—કાવેરી, કૃષ્ણા, ગોદાવરી, પનાર, ગંડલાકામા, પુલાર, મહા, વૈતરણી, બ્રાહ્મણી, સુવર્ણરેખા, ગંગા, હુગલી અને બ્રહ્મપુત્રા, વગેરે.

ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, નર્મદા, તાપી, ઢાઢર, કીમ, સુખભાદર અને શેત્રુંજી વગેરે.

કચ્છના રણમાં મળનારી—મચ્છુ, ફલકુ, બાંભણ, બનાસ, સરસ્વતી અને લુણી.

અરબીસમુદ્રને—સિંધુ, ભાદર અને દમણગંગા.

કચ્છના અખાતને—આજી.

માર્ટાબાનના અખાતને—ઈરાવતી.

વખણાએલી વસ્તુવાળાં સ્થળો.

કાશ્મિર—શાલ. પંજાબી—સાલમ. વિકાનેર—સાંઢણીઓ. મા-

રેવાડ–ઉંટ ને આરસપહાણ. જયપુર–શહેરની બાંધણી. રત્ન, અને ચિત્ર. શિરોહી–તલવાર. સૂરત–ગરશી. રતલામ–અફીણ. વરાડ–કોયલા. રાણીગંજ–કોયલા. પના ને ગોવળકોંડા–હીરા. લંકા–હાથી, હાથીદાંત, તેજાના, ને મોતી. તુતુકુંડી–મોતી ઉમરાવતી, અકોલા, ધારવાડ, ધોળેરા, ખંડવા–ત્યાંનું રૂ. ભાલ–ઘઊં. જામનગર–કંકુ. કાઠીયાવાડપ્રાંત–કાંબી. ઝાલાવાડ–ઝુમણાં. પુના, નાશિક, સિહોર–તાંબાપીતળનાં વાસણ. પુના નાગરવેલનાં પાન. બંગાળા–ખાંડ. ખંભાત–સૂત્રફેણી ને અકીકના પથ્થર. પેથાપુર–સાડીઓ ને બંદુક. નાગપુર–ધોતીજોટા. પાટણ–પટોળાં, સાડીઓ. માટીનાં વાસણ ને સુડીઓ. માળવા–અફીણ. પાટડી–વડાગરૂં મીઠું. આગ્રુંબા–છરા, લોઢી, ને છરી. કપડવંજ–કાચ, સાબુ. પેંઠ–પાઘડી. બુરાનપુર–શેલાં. કાઠિયાવાડ ને કચ્છના–ઘોડા. ભુજ ને હૈદ્રાબાદ (સિંધનું) સોનેરી ભરત. કુંદાપુર ને મેંગલુર–સોપારી. અમદાવાદ–રેશમી કાપડ. મલબાર–સાગ, સોપારી, ચોખા. પટણા–રેશમી કાપડ ને અફીણ. મુર્શીદાબાદ–રેશમી કાપડ. મથુરા–પેંડા ઓઢીઆ–લોઢું. કડી–બળદ. હિમાલય–ચા. આસામ–બોસો. ધાકા–સાબુ ને મલમલ.

જળાશય—ગંગા ને સિંધુના બે મોટા જળાશય છે.

પરદેશમાં જવાના માર્ગ—૧ બોલાનપાસ હાલાપર્વત ઓળંગી બલુચિસ્તાન જવાનો, ૨ ખૈબર પાસ સુલેમાન પર્વત ઓળંગી અફઘાનીસ્તાનમાં જવાનો, ૩ બરમુલા ને ૪ પીરપંજલ એ બે રસ્તે થઈ કાશ્મિરમાં જવાય છે. ૫ નિતિ નામના માર્ગથી હિમાલય ઓળંગી ટીબેટ વગેરે દેશોમાં જવાય છે.

भरतखंडना राज्यविभाग.

રાજ્યવ્યવસ્થા—આપણા દેશમાં હાલ ઈંગ્રેજ લોકનું રાજ્ય છે. તે લોકો યુરોપખંડના ઈંગ્લાંડ દેશના વતની છે. ત્યાં નામદાર મહારાણી વિક્ટોરીઆ રાજ કરેછે. તે પોતાની તરફથી અમલ કરવા માટે આ દેશમાં સુબાઓ મોકલે છે; એ સુબાને ગવર્નરજનરલ અથવા વાઈસરૉય કે રાજ પ્રતિનિધિ પણ કહેછે. તે કલકત્તા રાજધાનીમાં—અથવા વખતે સિમલા વગેરે સ્થળમાં રહેછે. (હાલનો વાઈસરૉય નામદાર લૉર્ડ લૅન્ડસડાઉન છે.)

વાઈસરૅાયને મદદ આપવા સરકારે બે કૌન્સિલ (કારભારીની મંડળીઓ) સ્થાપી છે. એક એને અમલ કરવામાં ને બીજી કાયદા કરવામાં કામેં લાગે છે. વાઈસરૅાયનો ઉપરી હિંદુસ્તાન ખાતાનો સેક્રેટરી હોયછે, ને તેના ઉપર ઇંગ્લાંડની પાર્લામેંટનું ને મહારાણીનુ ઉપરીપણું છે.

વાઈસરૉય સાહેબના તાબામાં આખો હિંદુસ્તાનને તેની આસપાસના બેટો વગેરે છે. માત્ર લંકાબેટ તેને તાબે નથી. ત્યાં મહારાણી તરફથી જુદોજ ગવર્નર છે. વળી ફ્રૅંચનાં, ફીરંગીનાં, અને નેપાળ, ભૂતાન, વગેરે રાજ્યો ગવર્નરજનરલથી સ્વતંત્ર છે, ભરતખંડમાં ૩/૪ ભાગ ઈંગ્રેજનો ખાલસા, ને ૧/૪ ભાગમાં બાકીના દેશીરાજ્યો છે. પણ એ બધાં રાજ્યો ઈંગ્રેજ સરકારને આધિન છે, ને તેમની તરફથી દરેક ભાગમાં અધિકારી રહેછે. બધા દેશી રાજામાંથી ૧૬૦ રાજાને મહારાણી સાહેબ તરફથી સનંદ મળી છે.

રાજ્યવિભાગ—આખા ભરતખંડના ૭ મોટા ઈલાકા કર્યાછે તેનાં નામ. ૧ મુંબાઈઈલાકો, ૨ મદ્રાસઈલાકો, ૩ બંગાળાઈલાકો, ૪

આગ્રાઈલાકો, ૫ પંજાબઈલાકો, ૬ બ્રહ્મદેશઈલાકો. પેહેલા બે ઈલાકામાં ગવર્નરસાહેબ, ને બાકીનાચારમાં લેફ્ટેન્ટગવર્નરસાહેબ રહેછે

બીજીરીતે હાલ આખા દેશના પંદરમોટા ભાગ પાડેલા છે. તે દરેકનું વર્ણન નીચે આપ્યું છે, તેમાં ઉપલા પાંચ ઈલાકાની હકીકત પણ આવી જશે.

ચૌદ વિભાગનાં. નામ.	ત્યાં ઈંગ્રેજ તરફથી અધિકારી રહેછે.	તે ક્યાં રહે છે. (રાજધાનીકઈ)
૧ મુંબાઈઈલાકો.	ગવર્નર સાહેબ.	મુંબાઈ
૨ મદ્રાસઈલાકો.	,,	મદ્રાસ
૩ મહીસુરને કુર્ગ,	ચીફ્કમિશ્નર	બેંગલોર
૪ વરાડનેનિજામનુંરાજ્ય	રેસીડેન્ટ	હૈદરાબાદ
૫ મધ્યપ્રાંતો	ચીફ્ કમીસ્તર	નાગપુર
૬ મધ્યહિંદ એજન્સિ	રેસિડેન્ટ	ઈંદોર.
૭ રજપૂતસંસ્થાનો	,,	આબુપર (શિરોહી)
૮ પંજાબઈલાકો	લેફ્ટેનંટ ગવર્નર	લાહોર.
૯ વાવ્યપ્રાંતો	,,	અલાહબાદ
૧૦ અયોધ્યાપ્રાંત.	ચીફ્કમીસ્તર	લખનોર
૧૧ બંગાળાઈલાકો	લેફ્ટેનંટ ગવર્નર	કલકત્તા.
૧૨ આશામપ્રાંત	ચીફ્કમીશ્નર	ગૌહત્તી
૧૩ બ્રહ્મદેશ	,,	માંડલે.
૧૪ નેપાળ, ભુતાન, વગેરે. સ્વતંત્ર પહાડી રાજ્યો.	રેસીડેન્ટ	ખટમંડુ

૧૫ ફ્રેંચ ને ફીરંગીનાં થાણાં. તેમની તરફથી જૂદા ગવર્નરો રહેછે. ફીરંગીનું મુખ્ય શહેર ગોવા, અને ફ્રેંચનું પોંડીચેરી.

૧ મુંબઈ ઈલાકો—સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે બલૂચિસ્તાન, તથા ભાવલપુર; પૂર્વે રજપૂત સ્થાન, માળવા મધ્યપ્રાંતો, નિજામનું રાજ્ય અને મદ્રાસ ઈલાકો; દક્ષિણે મહીસૂર પ્રાંત અને પશ્ચિમે અરબીસમૂદ્ર તથા બલૂચિસ્તાનછે.

વિસ્તાર—એ ઈલાકાની પહોળાઈ કરતાં લંબાઈ ઘણી છે. ક્ષેત્રફળ ૧૯૭૮૭૫ ચૌરસ મૈલ, ને કુલ વસ્તિ ૨૩૩,૯૫,૬,૬૩ માણસની છે.

રાજ્યવિભાગ—પાંચ છે. ૧ સિંધ. ૨ કચ્છ, ૩ ગુજરાત. ૪ મહારાષ્ટ્ર (એમાં દક્ષિણ અને કોંકણ એ બે છે,) અને ૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

ભાષા—સિંધમાં સિંધી; કચ્છમાં કચ્છી; ગુજરાતમાં ગુજરાતી ને મહારાષ્ટ્રમાં મરાઠી, તથા કાનડી વગેરે ભાષાઓ બોલાય છે.

ધર્મ—હિંદુ, મુસલમાની જરથોસ્ત (પારસીનો) ને ખ્રીસ્તિ, હિંદુધર્મના ઘણા ફાંટા પડેલા છે.

પર્વતો—સહ્યાદ્રિ, હાલા સાતપૂડા, પબ, ગિરનાર, શેત્રુંજો, આબુ, આરાસુર, પાવાગઢ, તારીંગા, ને ચાંદવડ, વગેરે.

મોટી નદીઓ—સિંધુ, ગોદાવરી, કૃષ્ણા, નર્મદા તાપી, મહી, સાબરમતી, બનાસ, સરસ્વતી, ભાદર, શેત્રુંજી, ઢાઢર, ભીમા, નીરા, સીના, વિશ્વામિત્રી, હાથમતી, વાત્રક કીમ, મેશ્વા, મૂળામૂઠા, પાંજરા, અને આજી વગેરે.

બેટ—મુંબઈ. બેટ (દ્વારકાપાસે,) દીવ, વસાઈ, ધારાપુરી, સાષ્ટી કરંજે અને ઉરણ ઇત્યાદી.

જાત્રાનાં સ્થળો—દ્વારકા, પ્રભાસપાટણ. સુદામાપુરી (પોરબંદર,) ગિરનાર, શેત્રુંજો, આબુ, અંબાજી, બહુચરાજી, શામળાજી, હીંગળાદ, પાવાગઢ, સિદ્ધપુર, ડાકોર, ચાણોદ, કન્યાળી, નારાયણસરં, કોટેશ્વર, વડતાળ, શુકલતીર્થ, પંચવટી, (નાશીક ત્રંબક,) અને પંઢરપુર, એ હિંદુનાં, ને ઉદવાડા એ પારશીનું છે.

હવા ખાવાનાં ઠેકાણાં—કચ્છમાંડવી, બાલાચડી, ગોપનાથ, વેરાવળ, ભીમડી, પુરંધર, ખંડાળા, ભીમાશંકર, ભોરઘાટ, મહાબળેશ્વર, માથેરાન, નીલગિરિ અને ડુંગાર.

ફીરંગીનાં થાણાં—દીવ, દમણ, ને ગોવા.

હબશીનાં થાણાં—જંજીરાને જાફરાબાદ,

દ્વિપકલ્પ—કાઠિયાવાડ.

ભુશિર—જગતપોંઈટ, દીવ, રામાસ, અને માંજ.

અખાત—કચ્છનું ને ખંભાતનું.

છાવણીઓ: હૈદરાબાદ, ભૂજ, ડીસા, સાદરા, ખંભાત, નારૂકોટ, રાજકોટ, સોનગઢ, વઢવાણ, જેતલસર માલેગામ, પુના, અમદાવાદ, વડોદરા, બેલગામ.

બંદરો—કરાંચી, શાહબંદર, લખપત, માંડવી, જોડીઆ, દ્વારકા, પોરબંદર, માંગરોળ વેરાવળ, દીવ જાફરાબાદ, મહુવા, ગોઘા, ભાવનગર, ધોળેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ, દમણ, માહીમ, વસાઈ, મુંબાઈ, રત્નાગિરિ, રાજાપુર, વિજયદુર્ગ, ગોવા, કારવાડ (સદાશીવગઢ) હોનાવર, વગેરે તેમાં સૌથી મોટાંને ઉપયોગી બંદરો ત્રણ છે; કરાંચી, મુંબાઈ ને કારવાડ.

શહેરો—હૈદ્રાબાદ, કરાંચી, ભૂજ, માંડવી, અમદાવાદ, સૂરત, વડોદરા, ભરૂચ, ખંભાત. પાલણપુર, ડીસા, ઈંદોર, નાંદોદ લૂણાવાડા, સાદરા, ખેડા, ગોધરા, સચીન, ભાવનગર, જુનાગઢ, નવાનગર, રાજકોટ, ધ્રાંગધ્રા, ગોંડલ, વઢવાણ, દમણ, થાણા, જાવા

અલીબાગ, જંજીરા, રત્નાગિરી, સાવંતવાડી, ધુળીઆ, નાશિક, પેંઠ, અહમદનગર, પુના, સતારા, ભોર, ફલટણ, સોલાપુર, અક્કલકોટ, કલાદગી, બેલગામ, કોલ્હાપુર, સાંગલી, જમખંડી, ધારવાડ, સાવનૂર, કારવાડ અને ગોવા વગેરે.

દેશીરાજ્યો—સિંધમાં ખૈરપુર; કચ્છ; ગૂજરાતમાં કાઠિયાવાડ, પાલનપુર, મહીકાંઠા, રેવાકાંઠા, અને સૂરત એજન્સિ એ પાંચ એજન્સિ, તથા ગાયકવાડ, ને ખંભાત સંસ્થાન; કોકણમાં જવાર, જંજીરા, ને સાવંતવાડી; દક્ષિણમાં ખાનદેશ એજન્સિ, પેંઠ, સતારા જાગીર, (ભોર, ફલટણ, વગેરે) અક્કલકોટ, ને દક્ષિણ મહારાષ્ટ્રમાં કોલ્હાપુર, સાંગલી, જમખીંડી, (દક્ષિણગરાદા જાગીર,) ને સાવનુર.

ઇંગ્રેજીરાજ્ય—સિંધ; ગૂજરાતમાં અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત ને પંચમહાલ જીલ્લા; કોકણમાં થાણા, કોલાબા અને રત્નાગિરિ જીલ્લા, તથા મુંબાઈ બેટ; દક્ષિણમાં ખાનદેશ, નાશિક, અહમદનગર, પુના, સતારા, ને સોલાપુર જીલ્લા; દક્ષિણ મહારાષ્ટ્રમાં કલાદગી, બેલગામ, ધારવાડ, અને કાનડા એ જીલ્લા આવેલા છે.

પેદાશ—ઘઉં, બાજરો, જુવાર, કઠોળ, તમાકુ, ગળી, સાબુ, કંકૂ, તાંબા પીતળનાં વાસણ, નાગરવેલનાં પાન, સુતરાઉ ને રેશમી કાપડ, અને ઘોડા વગેરે.

૧ સિંધ પ્રાંત. (૧૮૪૩માં લોર્ડ નેપીઅરે જીતી લીધો.)

નદીઓ—સિંધુ, તેમાંથી ઘણી નેહેરો ખોદેલી છે.

પર્વત—હાલા અને પબ.

જિલ્લા—કરાંચી, હૈદ્રાબાદ, અને શિકારપુર; થરપારકર ને ઉપલી સરહદનો મુલક (જેકબાબાદ.)

દેશીરાજ્ય—ખૈરપુર, તે મુસલમાની રાજ્ય છે.

શેહેરો—રાજધાની હૈદ્રાબાદ છે. કરાંચી, ઠઠ્ઠા, શિકારપુર,

જેકબાબાદ, શક્કર, બક્કર, રૈરી, લારખાના, સેવાન, કોટ્રી, ઉમરકોટ, શાહબંદર, નગરપારકર, મિઆણી અને ખૈરપુર.

હકિકત—તેમાં સિંધુ નદી આવેલી છે, તેથી સિંધ નામ પડયું છે. ત્યાંના રહેવાશી તથા ભાષા સિંધી છે. ૧૮૪૩માં એ પ્રાંત ઈંગ્રેજે આમીરો પાસેથી જીતી લીધો.

ભૂશિર—કેપ અને માંજ.

બેટ—મનોરા.

૨ કચ્છ પ્રાંત.

હકિકત—એ દેશી રાજ્ય છે. ત્યાંના રાવ જાડેજા રજપૂત છે. રાજધાની ભૂજ, તેમાં પોલિટિકલ એજંટ સાહેબની છાવણી છે. કચ્છની ભાષા કચ્છી છે.

અખાત,—કચ્છનું.

રણ—કચ્છનું.

પર્વત—કાળો, નનામો અને ધીણોધાર.

નદીઓ—નાગમથી, રૂકમાવતી ને ખારી, ત્રણે નાની નદીઓ છે.

પરગણાં—૧૬ છે. પાવર, મીઆણી, બન્ની, પશ્ચમ, ખડીર, પ્રાંથલ, વાગડ, અંજાર ચોવીશી, ભુવડ ચોવીશી, હાલા ચોવીશી, કાઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો અને માક.

શેહેરો—ભૂજ, માંડવી, અંજાર, મૂદ્રા, લખપત, જખૌ, તૂણા, તેરા, કંથકોટ, અને સુમરીરોહા વગેરે.

બંદરો—માંડવી, મુંદ્રા, લખપત, જખૌ અને તૂણા.

૩ ગુજરાત.

સીમા—ઉત્તરે કચ્છનું રણ ને આબુ; પૂર્વે માળવા, ખાનદેશ, ને

સાતપૂડો; દક્ષિણે થાણા જીલ્લો તથા અરબીસમુદ્ર; ને પશ્ચિમે કચ્છનું અખાત ને અરબી સમુદ્ર છે.

રાજધાની—દ્વારકા, વલ્લભીપુર, પંચાસર, અણહિલવાડ પાટણ, અમદાવાદ ને વડોદરા એ વારાફરતી રાજધાની હતી.

રહેવાસી તથા ભાષા—ગુજરાતી.

પર્વત—સાતપૂડો, વિંધ્યાચળ, આબુ, પાવાગઢ, ગિરનાર, શેત્રુંજો અને તારંગા વગેરે.

નદીઓ—નર્મદા, તાપી, મહી, સાબરમતી, ભાદર, શેત્રુંજી, સરસ્વતી, બનાસ, વાત્રક, મેશ્વો, શેઢી, કીમ, ખારી, હાથમતી અને ઢાઢર વગેરે.

દેશીરાજ્ય—આઠ મોટા ભાગ છે. ૧ કાઠીયાવાડ એજન્સિ એમાં નાનાં મોટાં ઘણાં રાજ્યો છે. ૨ પાલનપુર એજન્સિ, ૩ મહીકાંઠા એજન્સિ. ૪ રેવાકાંઠા એજન્સિ, ૫ ગાયકવાડનો મૂલક. ૬ ખંભાત સંસ્થાન. ૭ પંચમહાલ એજન્સિ અને ૮ સુરત એજન્સિ.

જીલ્લા—(અંગ્રેજી રાજ્ય) ૧ સુરત, ૨ ભરૂચ, ૩ ખેડા, ૪ પંચમહાલ ને ૫ અમદાવાદ.

શહેરો—અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ, ખેડા, ગોધરા, ભાવનગર, રાજકોટ, જુનાગઢ, નવાનગર, ધ્રાંગધ્રા, ડીસા, પાલણપુર સાદરા, ઈડર, ખંભાત, વાંસદા, ધરમપુર, નારૂકોટ, પાટણ, નડિયાદ અને લૂણાવાડા વગેરે.

બંદરો—દમણ, સૂરત, ભરૂચ, ખંભાત, ધોલેરા, ઘોઘા, ભાવનગર, મહુવા, દીવ, જાફરાબાદ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દ્વારકાં, બેડી (નવાનગરનું) જોડીયા વગેરે.

જાત્રાનાં ઠેકાણાં—આબુ, અંબાજી, શામળાજી, પાવાગઢ, શે-

ત્રુંજે, ગિરનાર, દ્વારકાં, પ્રભાસપાટણ, બહુચરાજી, ડાકોર, સિદ્ધપુર, સુદામાપુરી, ચાણોદ, કન્યાળી અને વડતાલ વગેરે.

ફીરંગીનાં સંસ્થાન—દીવ ને દમણ.

હબશીનાં—જાફરાબાદ.

હવા ખાવાનાં સ્થળો—આબુ, ગોપનાથ, બાલાચડી, વેરાવળ અને ઘોઘા વગેરે

છાવણીનાં ઠેકાણાં—વડોદરા, રાજકોટ, ડીસા, સાદરા, ખંભાત, નારૂકોટ, અમદાવાદ, સોનગઢ, જેતલસર, વઢવાણ વગેરે.

વસ્તિ—કુલ વસ્તિ ૭૫,૯૪,૭૭૫ માણસની છે.

પૈદાશ—ઘઉં, બાજરી, જુવાર, ડાંગર, રૂ, અનેક જાતનાં, કઠોળ, શેરડી, ગળી, ભીંડી, શણ, તુવેર, કોદરા, બાવટો, નાગલી, દીવેલી, મકાઈ, મહુડાં, તમાકુ, અને આદુ વગેરે.

અખાત—ખંભાતનું અને કચ્છનું.

બેટ—દીવ, પીરમ, બેટ.

ઉના પાણીનાં કુંડ—તુળશીશ્યામ, ગોધરા, લસુંદ્રા અને દેવકીઊનાઈ વગેરે.

---

૪ ઉત્તરમહારાષ્ટ્ર.

૧ દક્ષિણ.

જીલ્લા—ખાનદેશ (ધૂળીયા). નાશિક, અહમદનગર, પુના, સતારા, અને સોલાપુર.

દેશીરાજ્યો—પેંઠસંસ્થાન, ખાનદેશ એજન્સિ (દાંગનોમૂલક,

સૂળગણાનો મૂલક અને મહેવાસી પરગણાં)., સતારા, જાગીર (ભોર, ફલટણ, ઔંદ, ને જત),ને અકલકોટ સંસ્થાન.

નદીઓ—તાપી, ગોદાવરી,કૃષ્ણા,ભીમા,સીના,નીરા,મૂળામૂઠા.

પર્વત—સંહ્યાદ્રિ, સાતપૂડો, અને ચાંદવડ.

શેહેરો—ધુળીયા, માલેગામ, પુના, નાશિક, પેંઠ, અહમદનગર, સતારા, સોલાપુર, પંઢરપુર, ભોર, ફલટણ, ઔંદ, જત, પુરંદર, ખંડાળા, કોરેગામ, આસ્ટી, ખડકી અને ત્રીંબક વગેરે.

ભાષા—મરાઠી ને કાનડી.

જાત્રાનાં ઠેકાણાં—નાશિક, ત્રંબક, અને પંઢરપુર.

૨ કોકણ.

નદીઓ—અંબા, બીજી નાની છે.

પર્વત—સંહ્યાદ્રિ છે.

શહેરો—મુંબાઈ, થાણા, જવાર, અલીબાગ, જંજીરા, રત્નાગિરી, સાવંતવાડી, કલ્યાણ, વાંદરા, માહીમ, વસાઇ, કોલાબા, વિજયદુર્ગ, (ગેરીયા) અને રાજાપુર વગેરે.

૧જીલ્લા—થાણા, કોલાબા, (અલીબાગ) ને રત્નાગિરી.

૨ દેશીરાજ્ય—જવાર, જંજીરા, ને સાવંતવાડી.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તર કાનડા.

પર્વત—સંહ્યાદ્રિ.

નદીઓ—ભીમા, ઘટપ્રભા,મલપ્રભા, એ ત્રણે કૃષ્ણાને મળેછે. કૃષ્ણા, વારણા, તુંગભદ્રા, વર્ધાને શેરવતી.

જીલ્લા—કલાદગી, બેલગામ, ધારવાડ, ને કારવાડ (સદાશીવગડ.)

દેશીરાજ્ય—કોલાપુર, દક્ષિણ મરાઠા જાગીર, (સાંગલી જ-

મખીંડી, મીરજ, કુરૂંદવાડ,મુધોળ, ને રામદુર્ગ), ને સાવાના સંસ્થાન (સાવનુર).

શેહેરો—કલાદગી, વિજાપુર (ઘણું જુનું શહેર છે), બાગલકોટ, બેલગામ, કોલ્હાપુર, વિશાળગઢ, સાંગલી, જમખીંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોગ, રામદુર્ગ, ધારવાડ, હુબલી, કારવાડ અને સાવનુર વગેરે.

૨ મદ્રાસ ઇલાકો.

સીમા—ઉત્તરે કાનડા, ધારવાડ, નિઝામનું રાજ્ય, છોટાનાગપુર, ને ઓઢીઆ; પૂર્વે બંગાળી સમુદ્ર; દક્ષિણે મનારની ખાડી; અને પશ્ચિમે મહીસુર છે.

ભાષા—મલયાલયમ, ઉર્ય, દ્રાવિડી, કાનડી, તેલંગુ અને તામિલ વગેરે.

પર્વત—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ, અને નીલગિરી વગેરે.

નદીઓ—કૃષ્ણા, ગોદાવરી, કાવેરી, તુંગભદ્રા, પન્નાર, પનેર, ગંડલાકામા અને પુલાર વગેરે.

હવા ખાવાનાં ઠેકાણાં—નિલગિરી ને ડીંડીંગાલ વગેરે.

ફ્રેંચનાં થાણાં—પોંદાચેરી, માહી, કારિકલ ને યાનાન.

ભૂશિર—કન્યાકુમારી.

હકિકત—પશ્ચિમ કાંઠે મલબાર પ્રાંત આવેલો છે, તેથી આ ઇલાકાના પશ્ચિમકાંઠાને મલબાર કાંઠો ને પૂર્વકાંઠાપર કારોમંડળ નામે જૂના શહેરના નામપરથી એ કાંઠાને કારોમંડળ કાંઠો કહે છે.

અખાત—મનારનું.

સામુદ્રધુનિ—મનાર ને પાકની.

બંદરો—કુંદાપુર, મેંગલૂર, કાનાનુર, ટાલીચેરી, માહી, કાલીકટ, બેપુર, કોચી, અલીપલી, ત્રિવાન્દ્રમ, તુતુકુંડી, નાગાપટ્ટણ, કારિકલ,

ત્રાંકવીબાર, દેવીકોટા, પોર્ટોનોવો, પોંદીચેરી, મદ્રાસ, કારોમાંડલ, નેલૂર, મછલીપટણ, વિશાગાપટણ, શ્રીકાકોલમ અને ગંજામ વગેરે.

દેશીરાજ્યો—ત્રાવણકોર, કોચીન, ત્રિચુર અને પુંડુકોટા.

સરોવર—ચિલ્કા, કોલર, ને પુલિકાટ. **રાજધાની** મદ્રાસ.

રાજ્યવિભાગ--પાંચ છે ૧ ઉત્તરસિરકાર, ૨ કર્ણાટક, ૩ મલબાર એ ત્રણ ઈંગ્રેજી ખાલસા. ને ત્રાવણકોર, ને કોચીન એ બે દેશી રાજ્યો છે.

પેદાસ--રૂ, ગળી, તલ, દીવેલી, ઊન, ખાંડ, ડાંગર, ચામડાં, સૂતરાઉ કાપડ, દોરડાં, ને ઈમારતી લાકડું, મોતી, સાગ, નાળિએર, અને સાગુ ચોખા.

૧ ઉત્તરસિરકાર

હકિકત--ચિલ્કા સરોવર ને ગંડલાકામા નદીની વચ્ચે એ પ્રાંત છે, તે ૧૭૬૬માં નિઝામ પાસેથી ઈંગ્રેજને મળ્યો.

શેહેરો--મછલીપટ્ટણ, રાજમંદરી, ગંજામ, વિસાગાપટ્ટણ, શ્રીકાકોલમ, ગંતૂર, કોકણદ, કોકોનાદા, કોરીંગા, કલીંગપટણ, ને વીમલીપટણ વગેરે.

નદીઓ—કૃષ્ણા, ગોદાવરી, ને ગંડલાકામા.

સરોવર—ચીલકા ને કોલર. **પર્વત**—પૂર્વઘાટ.

૨ કર્ણાટક

ભાગ—એમાં બાલાઘાટ ને કર્ણાટક એ બે પ્રાંત છે, એનો ઘણોખરો ભાગ આર્કાટના નવાબ પાસેથી ઈંગ્રેજને મળ્યો છે.

નદીઓ—પન્નાર, પુલાર, પનેર, કાવેરી, તુંગભદ્રા, ને ગંડલાકામા.

શેહેર—કર્નૂલ, કડપા, બલ્લારી, અનંતપુર, અધ્વની ને ગુત્તી એ બાલાઘાટમાં છે. કર્ણાટકમાં મદ્રાસ, એ હાલની રાજધાની છે.

આર્કાટ એ નવાબના વખતમાં રાજધાની હતું. પોંદીચેરી, ને કારિકલ એ બે ફ્રેંચને તાબે છે. ડીંડીગલ એ હવા ખાવાનું સ્થળ છે. તુતુકુંડી પાસેના દરિઆમાંથી બહુ સરસ મોતી નીકળે છે. એ વિના નેલુર, વેલુર, ચિતૂર, વાંદિવાશ, કોઈમ્બતુર, તંજાવર, નેગાપટ્ટણ, ત્રાંકવીબાર, મધુરા, રામેશ્વર, (રામનાથ), તીનવલ્લી, કાંજેવરમ (કાંચી), ચીંગલપટ, પુંડુકોટા (દેશીરાજ્યનું) વગેરે શહેરો છે.

દેશીરાજ્ય—પુંડુકોટા છે.

૩ મલબાર.

પ્રાંત—એમાં મલબાર, દક્ષિણ કાનડા, ને વૈનાદ, એ ત્રણ ભાગ છે. એ ત્રણે સન ૧૭૯૯ માં ટીપુ પાસેથી ઈંગ્રેજને મળ્યા.

શહેરો—મલબારમાં કાનાનૂર, એ રાજધાની, ને ઉત્તકમંદ એ હવાખાવાનું ઠેકાણું છે. એ વિના ટાલીચેરી, માહી (ફ્રેંચનું), કાલિકટ ને બેપુર શહેરો છે.

કાનડામાં કુંદાપુર; ને મેંગલુર તેમાં સોપારી સારી થાય છે.

પર્વત—નીલગિરી, હવાખાવાનું ઠેકાણું છે.

પેદાસ—સાગ, નાળિએર, ચોખા, (સાબુ ચોખા) ને સોપારી વગેરે.

દેશી રાજ્યો.

૪ ત્રાવણકોર.

હકિકત—ત્રાવણકોર એ હિંદુદેશી રાજ્ય છે, એ પહાડી મૂલક છે.

પેદાશ—ડાંગર ને સાબુચોખા.

શેહેરો-ત્રિવાન્દ્રમ એ રાજધાની. બીજાં અલીપલી ને કોચીન

૫ કોચીન.

હકિકત—એ પહાડી મુલક છે. ત્યાં હિંદુ રાજા રાજ કરે છે. ત્રાવણકોર, ને કોચીનમાં સરોવર ઘણાં છે.

શહેરો—કોચીન ને ત્રિચુર.

૩ મહીસૂર ને કુર્ગ.

૧ મહીસૂર.

શહેરો—મહીસૂર એ હાલની રાજધાની. શ્રીરંગપટ્ટણ એ કાવેરીના બેટમાં છે, તે ટિપુના વખતમાં રાજધાની હતું. બેંગલોરમાં ચીફકમીશ્નર સાહેબ રહે છે. એ વિના બેદનૂર, ચિત્રદુર્ગ, નંદદુર્ગ, સીમોગા, હરિહરપુર, અને કોલાર એ હૈદરની જન્મભૂમી.

પર્વત—નંદીદુર્ગ વગેરે.

હકિકત—એમાં પહાડો ઘણા છે. ત્યાં હાલ હિંદુ રાજા રાજ કરે છે. સન ૧૭૯૯ માં જૂના રાજા ટિપુ પાસેથી એ રાજ લઈ ઈંગ્રેજે હાલના રાજાને આપ્યું છે. અગાઉ એ પ્રાંત કર્ણાટકનો ભાગ ગણાતો.

નદીઓ—કાવેરી; તુંગ અને ભદ્રા એ બે સીમોગા આગળ એકઠી મળે છે. તે પછી તેનું નામ તુંગભદ્રા પડયું છે. પંનાર, પલાર, પનેર વગેરે. આ દેશમાં સોનાની ખાણો માલમ પડી છે.

૨ કુર્ગ.

હકિકત—એ રાજ્ય ત્યાંના હિંદુ રાજા પાસેથી ૧૮૩૪ માં ઇંગ્રેજે લીધું. કુર્ગ એ પહાડી પ્રદેશ છે.

શહેરો—મર્કારા એ રાજધાની છે.

પેદાસ—મહીસૂર અને કુર્ગમાં સાગ, સીસમ, સૂખડ, સોપારી, નાળિએર, તેજાનો, મેવો, ડાંગર વગેરે ધાન્ય, ખાંડ, અને રેશમી કાપડ.

૪ નિજામનું રાજ્ય અને વરાડ.

૧ નિજામનું રાજ્ય—હૈદરાબાદ.

હકિકત—એ નિઝામનું મુસલમાની દેશીરાજ છે, તેની સ્થાપના નિઝામુલ્મુલ્ક નામના સરદારે સને ૧૭૨૪ માં કરી.

નદીઓ—ગોદાવરી, માંજરા, પેનગંગા, વરધા, ભીમા, તુંગભદ્રા, કૃષ્ણા, પ્રાણહિતા, દૂધના અને મુસી, વગેરે.

શહેરો—હૈદ્રાબાદ તે મુસી નદીને કાંઠે રાજધાની છે, તેમાં રેસિડંટ રહે છે. ગોવળકોંડાના હીરા વખણાય છે. પૈઠણ એ શાલિવાહનની રાજધાની હતી. જાલના, ને સિકંદરાબાદમાં લશ્કરી છાવણી છે. પૈઠણ, નાંદેડ, ને નિર્મળ એ ગોદાવરીને કાંઠે છે. ઇલોરા, ઔરંગાબાદ, દોલતાબાદ (દેવગિરિ), બેદર, કલબુર્ગ, વરંગુળ, રાયચુર અને આસઈ વગેરે.

પેદાસ—રેશમી કાપડ, પીતળનાં વાસણ, અને કોયલા વગેરે.

૨ વરાડ.

પેદાસ—ત્યાં કોયલાની ખાણો છે. ને ત્યાંનું રૂ વખણાય છે.

હકિકત—આ પ્રાંત ૧૮૫૩ માં નિઝામ પાસેથી ઈંગ્રેજને મળ્યો, તેથી હાલ ઈંગ્રેજને તાબે છે.

નદીઓ—પેનગંગા ને પૂર્ણા.

સરોવર—લૂનાર, તે ખારૂં છે.

શહેરો—ઉમરાવતી, અકોલા, એ બંને રૂના વેપારનાં સ્થળ છે. ઇલિચપુર, કરીંગા, શીઆગામ, અને ખંગાઉ વગેરે.

૫ મધ્યપ્રાંતો.

સીમ:—ઉત્તરે બુંદેલખંડ ને વાયવ્ય પ્રાંતો, પશ્ચિમે ભોપાળ, ઈંદોર, બીજા દેશી રાજ્યો, ને ખાનદેશ; દક્ષિણે હૈદરાબાદ ને વરાડ; તથા પૂર્વે મદ્રાસ ઈલાકો ને બંગાળાપ્રાંત છે.

ભાગ—ત્રણ છે. ૧ સાગર ને દમોહનો ઊંચો મુલક, નર્મદાનો પ્રદેશ, સાતપૂડાનો ઊંચો મૂલક, નાગપુર, છતીસગઢ, ને સંબલપૂરનો વિસ્તીર્ણ પ્રદેશ.

હકીકત—એ મોટો વિશાળ પ્રદેશ છે, તે ઈંગ્રેજનો ખાલસા

ભાગ છે, એનો ઘણો ખરો ભાગ નાગપુરના ભોંસલા ગરેઠા રાજા પાસેથી ઈ૦ સ૦ ૧૮૫૩માં ઈંગ્રેજને મળ્યો.

શહેરો—૧ નાગપુર એ રાજધાની નાગ નદીને કાંઠે ત્યાં ચીફકમીશનર સાહેબ રહે છે. ત્યાંના ધોતીજોડા વખણાય છે. ૨ છતીસગઢ એના છત્રીસ વિભાગ છે. ૩ હીંગણઘાટનું રૂ વખણાય છે. ૪ બુરાનપુર એ તાપીને કાંઠે, ત્યાં શેલાં સારાં બને છે કામ્પટીમાં લશ્કરી છાવણી છે. એ વિના સાગર, દમોહ, નરસીંગપુર, હુસંગાબાદ, આશીરગઢ, રાયપુર, બિલાસપુર, સંબલપુર, બસ્તર, ચંદા, ખંડવા, સીતાબલદી, રતનપુર, અને ગોંડવણ વગેરેછે.

નદીઓ—નર્મદા, તાપી, મહા, વેનગંગા, વર્ધા અને પ્રાણહિતા ઈત્યાદિ.

પર્વત—સાતપૂડો ને વિંધ્યાચળ.

પેદાસ—કોયલા, લોહું, રૂ, ઘઉં, બાજરી, જુવાર, ચોખા, તમાકુ, અફીણ, તલ, દીવેલ, દેશીકાપડ વગેરે.

૬ મધ્યહિંદ એજન્સિ.

હકિકત—મધ્ય=વચલો, હિંદ=ભરતખંડ, એજન્સિ=ઈલાકો. એમાં ૭૧ દેશીરાજ્યો છે. એના બે મોટા ભાગછે.

૧ ગ્વાલિયર અને માળવા.

નદીઓ—ચંબલ, સિંધ, બેટવા, ક્ષિપ્રા અને નર્મદા.

હકિકત—આ ભાગમાં ત્રણ મોટાં રાજ્ય છે. ૧ સિંધિયાનું. (ગ્વાલિયરનું) ૨ હોલ્કરનું (માળવાનું), ને ૩ ભોપાળનું. એ વિના બીજાં ઘણાં નાનાં નાનાં રાજ્યો એક એકથી સ્વતંત્ર છે. પણ તે સર્વે ઈંગ્રેજની આજ્ઞામાં છે.

શહેરો—સિંધિયાના રાજ્યમાં-ગ્વાલિઅર, એ રાજધાની. ઉજ્જયની એ ક્ષિપ્રા નદીને કાંઠે છે. તે વિક્રમ રાજાની રાજધાની હતી એમાં મહાકાળેશ્વરનું દેરૂ છે. નીમચમાં છાવણીછે. એ વિના લશ્કર મોરાર, ચંદેરી, ભેલસા, મંદેસર ને દત્યા વગેરે શહેરો છે.

હોલકરનારાજ્યમાં—ઈંદોર એ રાજધાની ત્યાં રેશીડંટ રહેછે. માંડુમાં છાવણી છે. એ વિના નિમાડ ને મંડળેશ્વર નર્મદાને કાંઠે છે.

ભોપાળનારાજ્યમાં—ભોપાળ એ રાજધાની તેમાં મુસલમાની બેગમ રાજ્ય કરેછે. રાયસેનનો કિલ્લો એ રાજ્યમાં છે. એ વિના શીહુર વગેરે.

નાનાં રાજયોમાં—દેવાસ, રતલામ, (ત્યાંનું અફીણ વખણાય છે). ધારા (એ ભોજરાજાની રાજધાની હતી). જાવડા, જાંબુઆ, અલીરાયપુર, વગેરે.

પેદાશ—ઘઊં, તમાકુ, અફીણ, શેરડી, રૂ, ને બીજું અનાજ.

૨ બુંદેલખંડ ને રેવા.

નદીઓ—બેટવા ને શોન. **પર્વત** કૈમુરના ડુંગર.

હકિકત—રેવાનું દેશી રાજ મોટું છે. તેમાં વાઘેલા રજપૂતનું રાજ્ય છે બુંદેલખંડમાં તહેરી (અર્ચા), પન્ના, છત્તરપુર વગેરે ૩૮ રાજ્યો છે. પન્નામાં હીરાની ખાણો છે **નીકાસ**–હીરા ને રત્ન.

શાહેરો—રેવા, પન્ના, તહેરી છત્તરપુંર અને કલિંજર વગેરે છે.

૭ રજપુત સંસ્થાનો.

સીમા—એ મોટો ચોરસ મૂલકછે, ઉત્તરે સતલજ નદી, દક્ષિણે ગુજરાત, પશ્ચિમે સિંધ, ને પૂર્વે આગ્રા, ગ્વાલીઅર ને ઇંદોર છે.

મુખ્ય સંસ્થાન—૧૮ છે તે નીચે પ્રમાણે-

રજપુતનાં—૧ મેવાડ (ઉદેપુર), ૨ મારવાડ(જોધપુર), ૩ જેપુર ૪ બુંદી ૫ વિકાનેર ૬ કોટા ૭ કીરોલી ૮ કીશનગઢ ૯ જેસલમીર ૧૦ અલવડ, ૧૧ શિરોહી, ૧૨ ડુંગરપુર, ૧૩ વાંસવાડા, ૧૪ પ્રતાપગઢ અને ૧૫ મું ઝાલાવાડ (ઝાલરાપટ્ટણ) છે.

જાટનાં—૧૬ ભરતપુર ને ૧૭ ધોળપુર.

મુસલમાની—૧૮ મું ટોંક.

શાહેરો—ઉદેપુર એ ઉદયસિંહે વસાવ્યું, ત્યાંના મહારાણા સૌથી ઉંચ કૂળના—રામના વંશના છે તે સિસોદીયા રજપૂત છે. જોધપુર ત્યાંના આરસપહરા ને ઉંટ વખણાય છે. જેપુર એ ભરતખંડમાં સૌથી સુંદર શહેર છે તે શહેરની બાંધણી ને ચિત્ર વખણાય છે ને ત્યાં સોનું, રૂપું, તાંબુ રત્નો વગેરેની કળેછે. બીજાં શહેર—સાંભર અને દીગ,

૪ શિરોહીમાં તલવારો સારી થાય છે. ૫ વિકાનેરની સાડ્ણીઓ પ્રસિદ્ધ છે. એ વિના બુંદી, કોટા, કોરોલી, કીશનગઢ, જેસલમીર, અલવર, ડુંગરપુર, (ત્યાની મુર્તીઓ સારી થાયછે.) વાંસવાડા, પ્રતાપગઢ, ઝાલરાપટ્ટણ, ભરતપુર, ધોળપુર, ટોંક, ચિતુર, વાળોત્રા. (લુણીને કાંઠે) નાગોર, પાલી, માંચેરી, શીકાવતી, અજમેર, નસીરાબાદ, અને પુષ્કરજી, વગેરે.

નદીઓ—સાબરમતી, મહી, લુંણી, બનાસ, ચંબલ ને બેટવા.

પર્વતો—અરવલી ને આબુ.

સરોવર—સાંભર તે મોટું ખારૂં છે ૨ ઢેબર તે મીઠું છે, તેમાંથી સાબરમતી વહેછે

જાત્રાનાં ઠેકાણાં—આબુ ને પુષ્કરજી. પુષ્કરજીમાં બ્રહ્માનું દેરૂં છે

હકિકત—શિરોહી પાસે આબુ ઉપર રેસીડેંટ રહેછે. મારવાડમાં ને વિકાનેરમાં મોટાં રણ છે. અજમેર ને મ્હેરવાડા એ ઇંગ્રેજના ખાલસા છે. નસીરાબાદમાં લશ્કરી છાવણી છે.

પેદાશ—રત્ન, સોનું, રૂપું, તાંબુ, આરસપહાણ, રૂ, શેરડી તમાકુ, અફીણ, વગેરે. ઉંટ અને બીજાં પશુને માટે મારવાડ ને વિકાનેર વિખ્યાત છે.

૮ પંજાબ ઇલાકો.

સીમા—પૂર્વે જમનાનદી, વાયવ્યપ્રાંતો, ચીનાઈટિબેટ, અને પૂર્વતાર્તરી તથા કારાકોરમ પર્વત છે. ઉત્તરે હિંદુકુશ પર્વત, અને પૂર્વે તાર્તરી. પશ્ચિમે હાલા, સુલેમાનને હીંદુકુશ પર્વત; અને દક્ષિણે રજપૂતસ્થાન છે.

નદીઓ—સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, સતલજ, જમનાં, અને કાબુલી વગેરે.

સરોવર—બુલર તે કાશ્મિરમાં છે.

પર્વતો—કારાકોરમ, શિવાલિક, મીઠાના ડુંગરો, સુલેમાન વગેરે.

દેશીરાજ્યો—કુલ દેશીરાજ્યો ૩૬ છે. તેમાં કાશ્મિર, ભાવલપુર, ને પટીઆલા એ મુખ્ય છે. તેમનું વર્ણન નીચે આવશે.

હવા ખાવાનાં ઠેકાણાં—સિમલા,, ભરતખંડનો ગવર્નરજનરલ વરસના ઘણા મહિના ત્યાં રહેછે. મરી (જહલમ આગળ.)

ભાષા—પંજાબી, ફારસી, ઉર્દુ અને પસ્તુ.

ધર્મ—હિંદુ, શીખ, મુસલમાની ને ખ્રિસ્તી.

રાજધાની—લાહોર તેમાં લેફ્ટનેન્ટ ગવર્નર સાહેબ રહે છે.

પેદાશ—ઘઉં, જવ, કઠોળ, તલ, દીવેલ, તમાકુ, અફીણ, બાજરી, મકાઈ, ડાંગર, રૂ, શેરડી, ચા, ફટકડી, સિંધવ, મડીઆ કંકર, ઉન, અને કાશ્મિરી શાલ વગેરે.

પ્રાંતો ને તેના શહેરો—પંજાબના કુદરતી ભાગ સાત છે. તેમાંના પાંચ દુઆબ છે. ૧ દામનપ્રાંત, સુલેમાન ને સિંધુની વચ્ચે છે, તેમાં ડેરા ઈસ્માલખાંન, ડેરાગાજીખાન, મિટનકોટ, કાળાબાગ ને પેશાવર એ શહેરો છે ૨ સિંધસાગર દોઆબ, તે સિંધુ ને ઝેલમની વચ્ચે છે, એમાં અટક, રાવળપીંડી ને ઝેલમ શહેરો છે. ૩ જેલમ અને ચિનાબની વચ્ચે જેચ(ચેજ) દોઆબ, તેમાં ગુજરાત ને થીલીઅનવાળા ગામો. ૪ રેચનાદોઆબ, ચીનાબ અને રાવીની વચ્ચે છે. તેમાં રામ-

નગર શહેર છે. ૫ રાવી અને બીઆસની વચ્ચે બારી દોઆબ. તેમાં લાહોર રાવીને કાંઠે એ રાજધાની, અમૃતસર ને મુલતાન એ શહેરો છે. ૬ બીઆસ અને સતલજની વચ્ચે જાલંદર દોઆબ, તે ઘણો રસાળ છે. જાલંધર ને લુધ્યાના શહેરો તેમાં છે. ૭ સતલજ અને જમનાની વચ્ચેનો મૂલક, તેમાં દિલ્હી, સિમલા, અંબાલા, હીસ્સાર, રોહતક, ફિરોજપુર ને પાણિપત વગેરે શહેરો છે. દિલ્હી શહેર જમનાને કાંઠે છે. તે મુસલમાની વખતમાં ભરતખંડની રાજધાની હતું.

મોટાં શહેરો—લાહોર, અમૃતસર, તેમાં શીખ ધર્મના ચલાવનાર નાનકની ગાદી છે. ને ત્યાં શીખ લોકો જાત્રાએ જાય છે. મુલતાન, દિલ્હી, જાલંધર, અંબાલા, ફિરોજપુર અને લુધ્યાના વગેરે.

હકિકત—સિંધુ અને જમના વચ્ચે ઝેલમ, બીઆ, રાવી, ચીનાબ, અને સતલજ એ પાંચ નદીઓ આવેલી છે, તેથી એ પ્રાંતનું અસલ નામ પંજાબ પડ્યું છે.

દેશી રાજ્યો.

૧ કાશ્મિર.

નદીઓ—સિંધુ, ઝહલમ.

પ્રાંતો ને શહેરો—ત્રણ મોટા પ્રાંત છે. ૧ કાશ્મિર, તેની રાજધાની શ્રીનગર જેલમને કાંઠે છે. તે આખા કાશ્મિર દેશની રાજધાની છે. ૨ લાડક, તેમાં મુખ્ય શહેર લેહ સિંધુને કાંઠે, ૩ બળિસ્તાનમાં ઇસ્કાર્ડો તે પણ સિંધુને કાંઠે છે. એ વિના જામુ, ઇસલામાબાદ, અને કાશ્મિર વગેરે શહેરો છે.

પર્વત—હિમાલય, કારાકોરમ અને હિંદુકુશ.

હિમાલયના રસ્તા—પીરપાંજલ, ને બારામૂલા.

હકિકત—એમાં રજપૂત રાજા રાજ કરે છે તેને મહારાજા કહેછે. પ્રથમ લાડકનો ભાગ ટિબેટને તાબે હતો. હાલ કાશ્મિરમાં છે. કાશ્મિરની શાલ ઘણી વખણાય છે.

૨ ભાવલપુર.

હકિકત—એમાં મુસલમાની નવાબનું રાજ્ય છે.

શહેરો—ભાવલપુર, ઉંચ, ને અહમદપુર છે.

૩ પત્યાલા તથા બીજા શીખ રાજ્યો—

હકિકત—સિખ રાજ્યમાં પત્યાલાનું રાજ્ય સૌથી મોટું છે. શીખ લોકો નાનકશાહી ધર્મ પાળે છે. એ રાજ્યોમાં પત્યાલા, જીંદ, નભા, કપુરથલા, ફરિદકોટ, મંડી, કળશીઆ, સરહિંદ વગેરે રાજ્યો તથા શહેરો છે. ચામ્બા ને બુશાહીર એ પહાડી દેશી રાજ્ય છે.

૯ વાયવ્ય પ્રાંતો.—(આગ્રા ઇલાકો.)

સીમા—એની પશ્ચિમમાં રજપૂતસ્થાન, જમના નદી, અને પંજાબ પ્રાંત છે. પૂર્વે બહાર, ને અયોધ્યા પ્રાંત; અને ઉત્તરે નેપાળ ને હિમાલય, તથા દક્ષિણમાં સાગર, ને છોટાનાગપુર સુધી એની હદ છે. અયોધ્યાની આસપાસ વાયવ્ય પ્રાંતો ફરી વળેલા છે.

મોટા ભાગ—મોટા સ્વાભાવિક ભાગ ત્રણ છે. ૧ હિમાલયમાં આવેલો પ્રદેશ, ૨ જમના અને ગંગાની ઉત્તરનો પ્રદેશ, ને ૩ જમનાની દક્ષિણનો પ્રદેશ,

પ્રાંતો—કમાઉન, ગઢવાળ, એ પહેલા ભાગમાં છે, દોઆબ (ગંગા જમના વચ્ચેનો,) રોહિલખંડ, આગ્રા, દિલ્હી અલાહબાદ એ, પ્રાંતો બીજા ભાગમાં છે,

પર્વતો—હિમાલય અને શિવાલિક.

નદીઓ—ગંગા, એ વિના જમનાં, રામગંગા, ગોમતી, ઘોગરા, સોન અને ગંડકી, એ બધી નદીઓ ગંગાને મળે છે.

દેશી રાજ્ય—કાશીના રાજાને તાબે કેટલાંક ગામો છે, તે વિના રામપુરમાં મુસલમાની નવાબનું, ને તહેરી (ગઢવાલમાં છે.) ત્યાં રજપૂત રાજાનું રાજ છે.

શેહેરો—દિલ્હી, મથુરા, આગ્રા, કાલ્પી, ઈટાવા, અલાહબાદ, અનુપ, ફતેહગઢ, કાનપુર, મીરજાપુર, કાશી, ગાજીપુર, કનોજ, બદ્રિનાથ, શ્રીનગર, અલમોડા, બરેલી, શાહજહાનપુર, હરિદ્વાર, મીરત, કેદારનાથ, પાણિપત, કર્નાલ, મુરાદાબાદ, મુજફ્ફરનગર, શાહારાનપુર, ફરૂકાબાદ, ગોરખપુર, ચુનાર, બકસાર, વગેરે ઘણાં શહેર છે. અલાહબાદ એ આખા ઈલાકાની રાજધાની છે. તેમાં લેફ્ટેનેન્ટ ગવર્નર સાહેબ રહેછે, આગ્રા એ જૂની રાજધાનીછે. મુસલમાની રાજમાં દિલ્હી ને આગ્રા એ વારાફરતી આખા ભરતખંડની રાજધાની હતાં.

જાત્રાનાં સ્થળો—મથુરાં એમાં કૃષ્ણનો જન્મ થયો હતો. ગોકુળ, આગ્રા, અલાહબાદ (પ્રયાગ એ ગંગા જમનાના સંગમ ઉપર છે.) કાશી (બનારસ), બદ્રિનાથ, કેદારનાથ, પાણીપત (કુરૂક્ષેત્ર).

હકિકત—પહેલાં જેને આગ્રા ઈલાકો કહેતા તેને હાલ વાયવ્ય પ્રાંતો કહેછે. વળી હમણાં અયોધ્યા પ્રાંત પણ એમાં ભેળી દીધો છે.

પેદાસ—હિમાલયના પ્રદેશમાં ચા થાય છે, તે આખી દુનિયામાં વખણાય છે. વળી ત્યાં લોઢાની ખાણો છે. સાગ, વાંસ, મહુડાં, આંબા, ઘઉં, જવ, જુવાર, બાજરી, ડાંગર, તલ, દીવેલ, રૂ. લાખ, સુરોખાર, તાંબાપીતળનાં વાસણ, અને દેશી કાપડ વગેરે.

૧૦ અયોધ્યા પ્રાંત.

હકિકત—હાલ સુધી એ જાદો ભાગ ગણાતો. પણ હમણાં આ પ્રાંતને વાયવ્ય પ્રાંતો સાથે ભેળી દીધો છે આ પ્રાંતમાં પ્રથમ

નવાબનું રાજ હતું. ૧૮૫૬ માં તે ઈંગ્રેજે લીધું. છેલા નવાબને ૧૨ લાખ રૂપીયાનું વરસાસન મળતું હતું.

નદીઓ—૧ ઘોગરા (સરયુ) ૨ રાપતી એ ઘોગરાને મળે છે. રામગંગા, સઈ અને ગોમતી વગેરે.

મોટાં પ્રાંતો—૪ છે. ૧ ફૈજાબાદ અને ૨ સીતાપુર એ ઉત્તરે તથા લખનોર અને ૨.યબરેલી એ દક્ષિણમાં છે.

શહેરો—લખનોર, એ રાજધાની ગોમતી નદીને કાંઠે, તેમાં ચીફ કમીશ્નર સાહેબ રહેછે. અયોધ્યા એ સરયુ (ઘોગરા) ને કાંઠે છે. તેમાં રામચંદ્રજીની રાજધાની હતી. જુઆનપુર, સીતાપુર, રાયબરેલી અને ફૈજાબાદ વગેરે છે.

પેદાસ—ઘઉં, વગેરે ધાન્ય, ખાંડ. તલ, દીવેલ ચોખા, તમાકુ, રૂ, અફીણ, ગળી, દેશી કાપડ અને મડીઆ કંકર વગેરે.

૧૧ બંગાળા ઇલાકો.

સીમા—ઉત્તરે નેપાળ, સિકિમ અને આસામ પ્રાંત, પૂર્વે મણિપુર, બ્રહ્મદેશ, તથા બીજો પહાડી મૂલક, આરાકાનના ડુંગરો અને નાફ નદી છે. દક્ષિણે બંગાળાનો ઉપસાગર, અને મદ્રાસ ઈલાકો તથા પશ્ચિમે મધ્યપ્રાંતો, રેવા અને વાયવ્ય પ્રાંતો છે.

પર્વત—હિમાલય, રાજમહાલના ડુંગર; છોટાનાગપુર, અને ઓઢિઆના પહાડ.

નદીઓ—ગંગા ૨ ગોગરા. ૩ સોન. ૪ ગંડકી, ૫ કૌશીકી, ૬ ભાગિરથી એ ગંગાનો ફાંટો છે, તેનું બીજું નામ હુગલી છે. ૭ બ્રહ્મપુત્રા, ૮ દામોદ્રા, ૯ સુરમા, ૧૦ ટીપરા, ૧૧ મહા નદી, ૧૫ રૂપનારાયણ. ૧૩ વૈતરણી, ૧૪ સુવર્ણરેખા, ૧૫ બ્રાહ્મણી. ગંગાને બ્રહ્મપુત્રા વચ્ચે ત્રીકોણ પ્રદેશ થાય છે તેને સુંદરી વન કહેછે.

બંદરો—કલકત્તા, મતલાહ, ચિતાગોંગ (ચિતગામ). ને કટક.

જાત્રાનાં ઠેકાણાં—જગન્નાથપુરી ને ગયા.

દેશીરાજ્ય—૧ સિકિમ, ૨ કુચબિહાર, ૩ ટીપરા, ૪ દરભંગા, મણીપુર ને લુશાઈ વગેરે.

સિકિમની રાજધાની દાર્જીલીંગ તે હવા ખાવાનું ઠેકાણું છે.

રાજ્યવિભાગ—એમાં ૧ એક શુદ્ધ બંગાળા, ૨ બહાર, ઓરિસા (ઓઢીયા)અને છોટાનાગપુર એ પ્રાંતો તથા બીજાં દેશી રાજ્યો છે.

ભાષા—બંગાળી, હીંદી અને ઉર્દુ.

રાજધાની—આખા ઈલાકાની રાજધાની કલકત્તા તે આખા ભરતખંડની પણ રાજધાની છે. તેમાં લેફ્ટેનેન્ટ ગવર્નર સાહેબ તથા ગવર્નર જનરલ સાહેબ રહેછે. મુર્શીબાદ એ આગળ રાજધાની હતું.

ફ્રેંચનાં થાણા—ચંદ્રનગર.

અખાત—બંગાળાનું ને બાલાસોરનું.

સરોવર—ચિલકા વગેરે.

મોટાં શહેરો—કલકત્તા, પટણા, મુર્શીબાદ, ઢાકા, કટક, કાંચી

પેદાશ—ભરતખંડમાં આ ઈલાકો સૌથી વિશાળ ને રસાળછે. સ્લેટ. લોઢું, તાંબુ અને રાણીગંજ વગેરે સ્થળોમાં કોયલાની ખાણોછે, એ ઈલાકામાં નારંગી, ચોખા, અફીણ, ચા, ખાંડ રેશમ. રબર, શણ, ગળી, ને રેશમી તથા સુતરાઉ કાપડ, મલમલ, વગેરેની પેદાશ છે.

હકિકત—બંગાળામાં આગળ નવાબનું રાજ હતું.

૧ શુદ્ધ બંગાળા.

નદીઓ—ગંગા, ટીપરા, બ્રહ્મપુત્રા, હુગલી ને રૂપનારાયણ.

શહેરો—કલકત્તા એ રાજધાની હુગલીને કાંઠે છે. મુર્શીદાબાદ એ આગળ નવાબોની રાજધાની હતું. ઢાકા બ્રહ્મપુત્રાને કાંઠે. રાણીગંજમાં કોયલાની ખાણો છે. એ વિના હીરા, રાજમહાલ બર્દવાન,

શ્રી રામપુર, કૃષ્ણનગર, ચંદ્રનગર (ફ્રેન્ચનું) ચિન્સુરા, હુગલી, મેદનીપુર, ટીપરા, પ્લાસી, બનકુરા અને કાસીમબજાર વગેરે.

૨ બહાર પ્રાંત.

નદીઓ—ગંગા, શોન, ગંડકી, કૌશકી ને ઘોઘરા.

શહેરો—પટણા (મૂળ નામ પાટલીપુત્ર તે ચંદ્રગુપ્તની રાજધાની હતું) તેમાં અફીણ ને રેશમી કાપડ સારૂં થાય છે. મોંગીર, ભાગલપુર, દીનાપુર, બાહાર ગયા, છપરા, ને દરભંગા વગેરે.

જાત્રાનું ઠેકાણું—ગયા.

૩ ઓઢીઆ પ્રાંત.

શહેરો—કટક, બાલાસોર, અને ૩ **જગન્નાથ** એ યાત્રાનું ઠેકાણું

નદીઓ—મહા, બ્રાહ્મણી, વૈતરણી ને સુવર્ણરેખા.
પેદાશ—ઓઢીઆમાં લોઢાની ખાણો છે.

૪ છોટાનાગપુર.

હકિકત—એ ઘણો પહાડી પ્રદેશ છે.
શહેરો—રાંચી ને લોહરદંગા વગેરે.

૧૨ આસામ પ્રાંત.

(૧૮૨૪ માં બ્રહ્મદેશ પાસેથી લીધો.)

નદીઓ—બ્રહ્મપુત્રા.

પર્વત—ખાસ્યા, જીંટીયા, ગારો, અને નાગ વગેરે,

શહેરો—ગૌહતી એ રાજધાની તેમાં ચીફ કમીશ્નર રહેછે. એ વિના તેજપુર, નવાગામ, કાચાર, રંગપુર, સીલહટ, દરંગ, ગોવાલપરા. રંગમતી, જીંટીયા અને ચેરાપુંજી વગેરે.

પેદાશ—કોયલા, ચા, લોઢું, ચુનો, રૂ, રબર, રેશમ વગેરે. આસામની ભેંસો બહુ વખણાય છે.

એમાં ખાસ્યાનું દેશી રાજ્ય છે, તેમાં ચેરાપુંજી નામની જ-

ગ્યોપર પર૩ ઇંચ વરસાદ પડે છે. દુનિઆના બીજા કોઈ ભાગ ઉપર એટલો વરસાદ વરસતો નથી.

૧૩ બ્રહ્મદેશ.

આ દેશને હિંદુસ્તાનનો એક ઈલાકો બનાવ્યો છે, અને ચીફ કમીસ્નરથી તેનો તમામ રાજ્ય વહિવટ ચાલે છે.

આ દેશના આસામ, આરાકાન અને તેનાસરીમ પ્રાંત ૧૮૨૪ માં અને પેગુ પ્રાંત ૧૮૫૨ માં ઈંગ્રેજ સરકારે જીતી લીધા બાકીનો બ્રહ્મદેશ ઈંગ્રેજ સરકારે સને ૧૮૮૫ માં જીતી લેઈ બીજે વર્ષે ખાલસા કરી હિંદુસ્તાન સાથે જોડી દીધો અને ત્યાંના રાજા થીબાને પદભ્રષ્ટ કરી રત્નાગિરીમાં રાજ કેદી તરીકે રાખવામાં આવ્યોછે.

હદ—ઉત્તરે આસામ ને ચીન, પૂર્વે શિયામ ને શાન મુલક, દક્ષિણે શિયામ ને બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે બંગાળાને બંગાળાનો ઉપસાગર.

ભાગ—ઉપલો બ્રહ્મદેશ અને નીચલો બ્રહ્મદેશ.

નદી—ઈરાવતી, સીતાંગ, સાલ્વીન, ને તેનાસરીમ વગેરે.

બેટ—રામરી, ચેદુબા, મરગ્વી બેટનું ટોળું.

અખાત—માર્ટાબાન. **પર્વત** બ્લુ, યોમા, પતકોઈ, સ્વેદંગી.

ભૂશિર—કેપનીગ્રીસ.

બંદર—અક્યાબ, કયુક્ફયુ(રામરી બેટમાં)સંદોવે, ડલહુસી, રંગુન, સીતાંગ, માર્તાબાન, મુલમૈન, આમહર્સ્ટ, ટાવોયા, અને તેનાસરીમ.

શહેર—માંડલે એ રાજધાની ઈરાવતીને કાંઠે છે. માકસોબા, આવા ને અમરપુર એ અગાઉની રાજધાની; એ વિના રંગુન, આરાકાન, ટેનાસરીમ, પેગુ; પ્રોમ, ભામો, તૌંગુ, હેનજાદા, સ્તતાંગ, મૈન્યાન, બાસીન, અને થીએતમા વગેરે શહેરો છે.

નીપજ—લોઢાની કાચી ધાતુ, માણેક, નીલમ, ચોખા, રેશમ, સાગ, મીઠું, ગુંદર અને ચામડા વગેરે.

વિશેષ હકિકત—ઈરાવતી નદીમાં બામો સુધી આગબોટ વહાણો જઈ શકેછે. એ નદીના પૂરથી આખો દેશ ફળદ્રુપ થાય છે. ચોખાની નીપજ ઘણી છે; હાલમાં કેટલીક ધાતુની ખાણો ખોદાવા લાગી છે, જંગલો ઘણાં છે. જમીન બીનાશ વાળી છે.

૧૪ સ્વતંત્ર પહાડી રાજ્યો.

૧ નેપાળ.

પર્વત—હિમાલય, એ આખો દેશ પહાડી છે.

શિખરો—એવરેસ્ટ (ગૌરીશંકર), ધવલગિરિ વગેરે હિમાલયના શિખરો એમાં આવેલાં છે.

નદી—ઘોઘરા, સરયુ, કુશી, ને ગંડકી.

સરોવર—રાવણહૃદ, **ધર્મ** બૌદ્ધનો.

શહેરો—ખટમંડુ એ રાજધાની છે.મકવાનપુર, જમુલા, પાલપા, ગુરખા, જનકપુર વગેરે.

હકિકત—ત્યાંના લોકોને ગુરખા કહેછે. પહેલાં એ દેશ ચીનને તાબે હતો.હાલ સ્વતંત્ર છે.હવા સારી છે.ઈમારતી લાકડું ઘણું થાય છે.

૨ ભૂતાન.

શહેરો—ટચાસીટચુડન એ રાજધાની છે.

પર્વત—હિમાલય. આખો દેશ પહાડી છે.

હકિકત—એ દેશમાં તાતાર જાતના લોકોનું રાજ છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળેછે. ત્યાંના અમીરો (સરદારો) નુ રાજ છે,તે સ્વતંત્ર છે.

૩ નાના રાજ્યો.

એમાં મણિપુરનું દેશી રાજ્ય મોટું ને સારૂં છે. મુખ્ય શહેર મણિપુર છે. બીજા નાનાં રાજ્યો ઘણાં છે.

૧૫ પોર્ટુગીઝ ને ફ્રેંચ લોકોનાં સંસ્થાનો.

પોર્ટુગાલ—દીવ, દમણ ને ગોવા, એ મુંબઈ ઈલાકામાં છે. એની રાજધાની ગોવા છે, ત્યાં ગવરનર રહેછે.

ફ્રેચનાં થાણાં—૧યાનાન, ૨પોંદીચેરી, ૩માહી, ને ૪ કારિલ એ બધાં મદ્રાસ ઈલાકામાં છે. ૫ ચદ્રનગર એ બંગાળામાં છે. એ બધામાં મુખ્ય રાજધાની પોંદિચેરી છે. ત્યા તેના ગવર્નર રહે છે.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

૧ જમીનના મોટા ભાગ, જેમાં ઘણા દેશો આવેલા હોય. તેને ખંડ કહે છે. ૨ ચોમેર પાણીથી વીંટાએલા જમીનના ભાગને **દ્વીપ, બેટ કે ટાપુ** કહે છે. ૩ જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી, અને એક બાજુએ જમીન આવેલી હોય તેનું નામ **દ્વીપકલ્પ**.

૪ જે સાંકડો જમીનનો ભાગ જમીનના એ મોટા ભાગને સાંધે છે. તેને **સંયોગીભૂમિ** કહે છે

૫ જમીનની જે અણી લાંબી થઈને સમુદ્રમાં ગએલી હોય, તેને **ભૂશિર--ભુશલાકા, કેપ, હેડ, અથવા બિંદુ** કહે છે.

૬ જમીનના થોડા ઉંચા ભાગને **ડુંગર**, વધારે ઉંચા ભાગને **પર્વત**, અને તળીએથી સધાએલા ડુંગરાને **હાર** કહે છે; અને નીચી ટેકરીઓને **ધાર** કહે છે.

૭ પહાડોની વચમાં આવેલા નીચા ભાગને ખીણ કહેછે.

૮ સપાટ જમીનના વિશાળ પ્રદેશને **મેદાન** કહે છે.

૯ પહાડો પર આવેલા ઉંચા મુલકને **ઉચ્ચપ્રદેશ** કહે છે.

૧૦ જે ઉંચી જગા પરથી જૂદી જૂદી દિશાઓમાં પાણી વહેછે તે ઠેકાણાને **જળાશય** કે **જળવિક્ષેપ** પ્રદેશ કહે છે.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

૧ ખારા પાણીના મોટા ભાગને **મહાસાગર** કહે છે.

૨ ખારા પાણીનો જે ભાગ, મહાસાગર કરતાં નાનો હોય તેને **સાગર** કે **સમુદ્ર** કહે છે.

૩ સમુદ્રનો જે ફાંટો લાંબો થઈને જમીનમાં પેઠેલો હોય તેને **અખાત** કહે છે.

૪ પોહોળા મહોડાના અખાતને **ઉપસાગર** કહે છે.

૫ પાણીના બે મોટા ભાગને પાણીનો નાનો ભાગ સાંધે, તેને **સામુદ્રધુની** કહે છે.

૬ ચોતરફ જમીનથી વીંટાએલા પાણીના મોટા ભાગને **સરોવર**, ને નાના ભાગને **તળાવ** કહેછે.

૭ મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈને સમુદ્રને મળે છે તેને **નદી** કહેછે. ને મોટી નદીને **નદ** કહે છે.

૮ નદી જ્યાંથી નીકળે તે ઠેકાણાને તેનું **મૂળ** ને મળે તે ઠેકાણાને તેનું **મૂખ** કહે છે.

૯ જે જગાએ નાની નદી મોટી નદીને મળે છે, તેને **સંગમ** કહે છે.

૧૦ સમુદ્રનું પાણી વારાફરતી ચડે છે. તેને **ભરતી**, ને ઉતરે છે તેને **ઓટ** કહે છે.

૧૧ સમુદ્રને મળતાં પહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મૂખ પહોળું હોયછે, તેને **ખાડી** કહે છે.

૧૨ એક દિશાથી બીજી દિશામાં જે નદીનું વહેવું તેને **નદીક્રમ** કહેછે.